
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય–પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રભુ પ્રાર્થના. ... | ... | ૨૭ |
| ૨ | હૃદયવીણા...ક્ષમા. | શ્રી વેલચંદ લનજી | ૨૮ |
| ૩ | પ્રતિબિંબ. | ( રા. સુશીલ ) | ૨૯ |
| ૪ | સત્ય જ્ઞાનનું રહસ્ય. | ( અનુવાદ ) | ૩૪ |
| ૫ | શ્રવણ અને સંસ્મરણ. | ( રા૦ સુશીલ ) | ૩૮ |
| ૬ | અમારી પૂર્વદેશની યાત્રા. | મુ. દર્શનવિજયજી મ૦ | ૪૧ |
| ૭ | અલ્લુકૃત્ત ભાવના. | લે૦ મોહનલાલ દલીચંદ દેશાઇ | ૪૪ |
| ૮ | સ્વીકાર અને સમાલોચના. | ... | ૫૦ |



## જૈનધર્મ.

યુરોપીયન વિદ્વાન અને જૈનધર્મના પ્રખર અભ્યાસી મી૦ હુરબર્ટ વૉરનનો લખેલ " જૈનીઝમ " જૈનદર્શન—વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ( જીવનના મહાન્ પ્રશ્નોનું જૈનદર્શનથી સમાધાન તેનું ગુજરાતી ભાષાંતર આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર લખેલ આ ગ્રંથ મનનપૂર્વક જૈન અને જૈનેતર તેમજ સાક્ષરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવો છે. કિંમત એક રૂપીયો.

### શ્રી વિમલાચાર્યરચિત—

**શ્રી સંવેગદ્રુમકન્દલી**—મૂળ સાથે ભાષાંતરઃ–સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિથી બળીઝળી રહેલા આત્માને અપૂર્વ ઔષધરૂપી પરમશાંતિ પ્રગટ કરાવી સંવેગ માર્ગ તરફ લઇ જનાર આ લઘુ ગ્રંથ છે. મૂળ કાવ્યો સુંદર સંસ્કૃત ભાષામાં અને તેનું ગુજરાતી ભાષાંતર સાથે આપવામાં આવેલું છે. આ ગ્રંથ આધ્યાત્મિક સાહિત્યનો ઉંચ કોટીનો છે. ઉંચા કાગળ, સુંદર શાસ્ત્રી ટાઇપ અને સુશોભિત બાઇડીંગમાં અલંકૃત કરાવેલ છે. સૌ કોઇ લાભ લે તે માટે માત્ર ચાર આના (પોસ્ટેજ સવા આનો જુદો) કિંમત રાખવામાં આવેલ છે.

## " નવું પ્રકટ થતું જૈન સાહિત્ય. "

૧ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત સંશોધન કરી, તદ્દન શુદ્ધ રીતે બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાનાનો એન્ટીક ઉંચા કિંમતિ કાગળો ઉપર મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઇડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત મજબુત કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. આવતા માસમાં પ્રકટ થશે. કિંમત રૂ. ૨–૦–૦ મુદ્દતથી પણ ઓછી. પોસ્ટેજ જુદું. પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ છપાય છે.


ભાવનગર – આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તૈયાર છે ! જલદી મંગાવો તૈયાર છે ! !

શ્રી નવપદજી મહારાજના આરાધન ( ઓળી) ના દિવસો નજીક આવે છે

તેનો લાભ લેવાની

એક ઉત્તમ અને અમૂલ્ય તક.

# શ્રીપાલરાજાનો રાસ.

( સચિત્ર ભાષાંતર, વિધિવિધાન, સ્નાત્રો, પૂજાઓ વિગેરે સહિત )

શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન યોગ-ધ્યાન માટે મુખ્ય છે, તો તેના આરાધનના વિધિ વિગેરે આ શ્રીપાળમહારાજના રાસ સાથે આપવામાં આવે તો આ ગ્રંથ વિશેષ ઉપયોગી થાય તેમ ધારી, આ રાસ સાથે નવપદજી મહારાજની આરાધના માટે સંપૂર્ણ ક્રિયાવિધિ. જેમ શ્રીપાલમહારાજે કરી હતી તે રીતે આ ગ્રંથમાં તે બંનેનું સંશોધન કરી કાળજીપૂર્વક શુદ્ધ રીતે છપાવવામાં આવેલ છે, કે જેથી તેના આરાધના માટે આ ગ્રંથ અવશ્ય ઉપયોગી થઇ પડે તેમ છે, તેટલુંજ નહિ પરંતુ તે માટે બીજી કોઇ બુક-ગ્રંથની પણ જરૂર ન પડે અને સ્વયં પોતે નવે દિવસોએ શ્રીનવપદોની અનુક્રમે વિધિપૂર્વક ભક્તિ પણ સાથે સાથે કરી શકે તે માટે નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં વસ્તુઓ આ બુકમાં ગોઠવવામાં આવી છે.

## પ્રથમ વિભાગ.

### શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ.

૧ શ્રી નવપદજીનો સામાન્ય અર્થ, ૨ શ્રી નવપદજીના વર્ણો. ૩ નવે દિવસની ક્રિયાની સમજ જેમાં દરેક પદના જાપ, નવકારવાળી, વર્ણ, કાઉસગ્ગ, સ્વસ્તિક, ખમાસમણાં અને પ્રદક્ષિણા, દુહા અને ગુણો જાપ કરવા માટે, ૪ રચના, પારણાનો વિધિ, કાઉસગ્ગ કરવાનો વિધિ, પચ્ચખાણો. વગેરે, ૫ ચૈત્યવંદનો, સ્તવનો અને સ્તુતિઓ.

## વિભાગ બીજો.

૧ શ્રીપાળ રાજાનો રાસ સચિત્ર ભાષાંતર સહિત.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિભાગ ત્રીજો.

### પરિશિષ્ટો.

૧ બે સ્નાત્રો. (શ્રી વીરવિજયજી મહારાજ તથા શ્રીદેવચંદજી મહારાજકૃત).

૨ ત્રણ પૂજાઓ ( શ્રી યશોવિજયજી તથા શ્રી પદ્મવિજયજીમહારાજકૃત શ્રી નવપદજીની પૂજાઓ તથા શ્રી આત્મારામજી મહારાજકૃત સત્તરભેદી પૂજા (ક)

૩ ઉજમણાનો વિધિ૦ (ખ)

**ચિત્રો-છબીઓ—( સત્તર )**

ઉપરોકત વિષયો ઉપરાંત વિશેષમાં શ્રી નવપદજીનું મંડળ અનેક વિવિધ રંગથી સુશોભિત (૧) તથા શ્રી સિદ્ધચક્રજીનો મોટો યંત્ર કે જે પૂર્વાચાર્યોએ નિર્દિષ્ટ કરેલ છે તેમજ જે વિદ્યાનુવાદ પૂર્વમાંથી રહસ્ય રૂપે ઉદ્ધરેલ છે કે જેના પૂજનથી મહા સિદ્ધિઓ સંપાદન થાય છે, તેનું સંશોધન કરીને શુદ્ધ રીતે તૈયાર કરેલ છે તે મ્હોટો યંત્ર (૨) તથા બીજા આ રાસમાં આવેલ હકીકતોને લગતી તેર નવી છબીઓ તૈયાર કરાવેલ છે તે (૧૫) તથા ગુરૂભકિત નિમિત્તે બે ગુરૂદેવોની છબીઓ મળી સત્તર ફોટાઓ વિવિધ રંગોમાં છપાવી આ બુકમાં દાખલ કરી, આ રાસને આકર્ષક, સુંદર અને ઉપયોગી બનાવેલ છે. સુંદર ગુજરાતી મોટા અક્ષરોમાં, ઉંચા કાગળોમાં છપાવી, સુંદર કપડાના બાઇડીંગ-પૂંઠા ઉપર પણ શ્રીપાળમહારાજનું મનહર ચિત્ર આપી આ ગ્રંથ સર્વમાન્ય અને પઠનપાઠન માટે રસ ઉત્પન્ન કરે તેવી તેમાં યોજના કરી છે, કે તેવો રાસ અત્યાર સુધી કોઇએ પ્રકટ કર્યો નથી. તેવી બધી જાતની જરૂરીયાત પુરી પાડતાં આવો સુંદર ગ્રંથ તૈયાર કરવામાં ગમે તેટલા ખર્ચ સામે જોયું નથી. ગમે તેવો છપાવી, ગમે તેટલી કિંમત રાખી વેપાર કરવાની-નફો ખાવાની દૃષ્ટિ-ગણત્રી નથી, પરંતુ જૈન સમાજ આ રાસનો વિશેષ કેમ લાભ લઇ શકે તેના ધ્યાનમાં લઇ તે ઉંચા કપડાના બાઇડીંગના ગ્રંથના રૂ. ૨ા અઢી રૂપીયા તેમજ સાદું કપડાના બાઇડીંગના રૂા ૨-૦-૦ પોસ્ટેજ જુદું રાખવામાં આવેલ છે.

લખો—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री ॥

# આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય (કામ–ક્રોધાદિ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. भाद्रपद. आत्म सं. ३९. { अंक २ जो.

## ॥ प्रभु प्रार्थना ॥

क्षमयामि सर्वान् सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥ १ ॥

હે વીતરાગ પ્રભુ ! એક તારા જ શરણે રહેલા તે સઘળા પ્રાણીઓપર મારી મૈત્રી હો ! સર્વ સત્ત્વોને હું ખમાવું છું, તે સર્વે મારા વિષે ખમો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હૃદય વીણા

૧

કાન્તિ સમર્પે શાન્તિને, દર્શનથી દુઃખ જાય;
વિજય વાણી સુધાશ્રવે, સેવનથી સુખ થાય.

૨

ચતુર સદા સમ ભાવથી, સ્વ પર હિતાવહકાજ;
વિષય શાસ્ત્ર વિલોકીને, શોધી ધરે સમાજ.

૩

પુણ્ય પ્રભા જ્યાં પ્રસરતી, ગુરૂ ગુરૂવર સંગાથ;
વિજયવાન વીતરાગતા, દર્શે શિવપુર પાથ.

૪

આતમ અનુભવ કારણે, જ્ઞાન ધ્યાન લયલીન;
" **વિજયાનંદ** " ચરણ શરણ, આજ્ઞા પ્રભુ આધીન.

## માફી.

૧

માફી મધુરી માંગવાનો સમય સુંદર સાંપડયો,
અપરાધની આલોચના કર ભ્રાતુ ! ચીરો કયાં પડયો;
તે સાંધવાને કાજ માફી રેણ વા ચીમેંટ છે,
આન્તર વિશુદ્ધિ સાથ માફી માંગવી તે ઈષ્ટ છે.

૨

જે જાણુવામાં હોય તેની પ્રથમ માફી માંગવી,
રહી જાય જેહ અજાણમાં તે સમુચ્ચયથી યાચવી;
જાણ્યે-અજાણ્યે જે થયાં મન દુઃખ દુષ્કર કર્મથી,
ખમજો ખમાવું ભ્રાત ! સહુ અપરાધ આત્મિક ધર્મથી.

૩

"મિથ્યામિ દુષ્કૃત" માત્ર શબ્દોચ્ચારથી સિદ્ધિ નથી,
માફી પછી ક્રમ મિત્રતાનો વાત સત્શાસ્ત્રે કથી;
આરાધના વિધિ પૂર્ણ સાચી હૃદય શુદ્ધિથી થશે,
આનંદ " **આત્માનંદ** " નો આન્દોલને પ્રકટાવશે.

વાર્ષિક પર્યુષણા સંવત્સરી. } **વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

( લે—રા. સુશીલ. )

## मित्ति मे सव्व भूएसु ।

**मित्ति मे सव्व भूएसु**—સર્વ ભૂત-પ્રાણી સાથે મૈત્રીનો સંબંધ સ્થાપવો એ આપણો આદર્શ છે. આપણી નિત્યની ક્રિયામાં આપણે રોજ મૈત્રીનો મંત્ર ઉચ્ચારી આત્માની આર્દ્રતાનો અનુભવ કરીએ છીએ. સંવત્સરને અંતે સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી " સર્વ જીવોને ખમાવવા " નો જે વિધિ આદરીએ છીએ તેમાં પણ મૈત્રીના આદર્શે પહોંચવાના આપણા મનોરથ હોય છે.

કેટલાકો જગતમાં ભ્રાતૃભાવ સ્થાપવા, દેશ પરદેશની સાથે ભ્રાતૃતાના સંબંધ યોજવા પ્રયત્નશીલ રહે છે. બંધુતા અથવા ભાઇચારો એ ઘણી ઉપયોગી વસ્તુ હોવા છતાં એ બન્ધુભાવના જાણે કે બહુ મર્યાદિત હોય એમ લાગે છે. માનવ-સંબંધની પેલી પાર તે પહોંચી શકતી નથી. મૈત્રીનો ક્ષેત્રવિસ્તાર અબાધ છે. મનુષ્ય ઉપરાંત તિર્યંચ અને એકેંદ્રિય પર્યંત તે પોતાનો પ્રીતિરસ વહાવી શકે છે. ભાઈ-ભાઇ વચ્ચે સ્નેહ, આત્મીયતા જરૂર હોય છે, પણ એ આત્મીયતા જ્યારે સ્વાર્થ કે એવા બીજા કોઇ નિમિત્તે કલુષિત બને છે ત્યારે સગો માડીજાયો ભાઇ કે એક જ ધર્મને માનવાવાળા ધર્મબન્ધુ પણ હિંસક પશુની જેમ સામસામા ડોળા ઘુરકાવે છે. બંધુના સ્વાર્થ સંબંધ લગભગ એક સરખા હોય છે. એટલે જ એ કાચા સુતરની જેમ ક્ષણમાં ટૂટી જાય છે. એક કવિએ બંધુવિગ્રહની સમીક્ષા કરતાં એક સ્થળે કહ્યું છે કે ભાઇ-ભાઇ, એક જ માતાનાં બે સંતાન, જન્મથી જ વેર રાખીને જન્મે છે અને એનું સ્વાભાવિક ઉદાહરણ જોઇતું હોય તો એક ભાઈ, માતાના ગર્ભમાં પ્રવેશતાં જ, બીજા ભાઇને મળતું માતાનું દૂધ આપોઆપ કેમ બંધ થઈ જતું હશે તે તપાસો. તમને ખાત્રી થશે કે બંધુ એટલે હરિફ. પણ એ ઉકિતમાં મ્હોટે ભાગે તો કવિત્વ જ છે. રામ-લક્ષ્મણની બંધુતા અને ભરતની ભકિતને યાદ કરાવે એવા પ્રસંગો પણ બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૈત્રી, કલેશથી કલુષિત જ નથી બનતી એવું કંઇ જ નથી. મિત્રો વચ્ચે પણ મહાભારત મંડાય છે. પણ એ બન્ધુવિગ્રહ જેટલો ભયંકર ભાગ્યેજ બને છે. મિત્રોના સ્વાર્થ પણ પ્રાયઃ ભિન્ન ભિન્ન હોય છે, તેથી એમની વચ્ચે સંઘર્ષણના બહુ ઓછા પ્રસંગો આવે છે.

પરન્તુ એ બધા કરતાં મૈત્રી ભાવનામાં જે એક વિશેષ રમણીયતા જોવાય છે તેનો ઉલ્લેખ અહીં કરવા માંગું છું. મૈત્રીમાં પરસ્પર સન્માનની લાગણી રહે છે. એક મિત્ર બીજા મિત્ર પ્રત્યે એટલું જ સન્માન ધરાવતો હોય છે. જ્યાં એ સન્માન નથી ત્યાં મૈત્રીનું માત્ર કલેવર જ રહે છે, મૈત્રીનો આધારરૂપ આત્મા ત્યાં નથી હોતો. ભાઈ-ભાઈ વચ્ચે ન્હાના-મ્હોટાના ભેદ રહી શકશે, અભણ કે ભણેલાના ભેદ પણ તરી આવશે; પરંતુ એક મિત્ર, બીજા મિત્ર કરતા પોતાને ઉચ્ચ, વિદ્વાન કે પ્રતિષ્ઠાસંપન્ન નહીં સમજે. અને એવી અહંતા આવે એટલે મૈત્રીના મહેલ પણ ઉજડ-ખંડીયેર બની જવાના. એ ખંડીયેરમાં ખુશામતનાં ગાન સંભળાશે, પણ આમ્ર-મંજરી નીહાળી, સ્વતઃ પંચમ સૂરની પ્રેરણા મેળવનાર કોકીલાના કુંજન ત્યાં નહીં મળે.

એકેંદ્રિય કે પંચેન્દ્રિય પશુ સાથે, મનુષ્યની મૈત્રી તમને અસંભવિત લાગે છે? એ મૈત્રી માત્ર ઉપજાવી કાઢેલો આદર્શ લાગે છે? ન્હાના ગામડામાં એક અંધારા ઓરડામાં રહેતા ખેડુતને એના પોતાના પશુઓ પ્રત્યે કેટલીક મમતા હોય છે તે તમે એક વાર સહૃદયપણે જુઓ તો તમે બ્હારના બધા સ્થૂલ સંબંધો વચ્ચે મૈત્રીનો એક અદૃશ્ય સૂક્ષ્મ તાર પણ જોઇ શકો. અલબત્ત, પોતાના પાળેલા પશુ પાસેથી એ વિવિધ પ્રકારની સેવાઓ લે છે પણ એ જાડા થર નીચે મૈત્રીની ઝરણી વહેતી આપણે સાંભળી શકીએ.

મેલા-ઘેલા જેવા દર્દી અને સુઘડ પરિચારક વચ્ચે પણ ક્રમે ક્રમે ચિરસ્મરણીય મૈત્રીના વાણા-તાણા વણાય છે. બન્ધુતા કે દયા કરતાં પણ આત્માનો ઝુકાવ વધુ તો મૈત્રી તરફ જ હોય એમ દેખાય છે.

આજના યુગને આપણે યંત્રયુગ કહીએ છીએ, પશુ-પ્રાણીને બદલે આપણે યંત્રો પાસેથી જ રાતદિવસ કામ લઇએ છીએ. પશુનાં સ્થાન ખાલી પડયાં છે. એને બદલે આકાશને ધુમાડાથી ભરી દેતા અને પોતાના કઠોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવાજથી પોતાનું સર્વોપરિપણું સ્થાપવા મથતાં યંત્રો વિરાટ દેહ વિસ્તારતા પડયા છે. હવે તો યંત્રની સાથે વસતો માનવી પણ યંત્રવત બનવા લાગ્યો છે.

પણ ભિષણ યંત્રવાદ આત્માના સ્વાભાવિક ભાવોને કઇ રીતે આવરી શકે ? પત્થરથી મઢેલી કઠોર ભૂમિમાં પણ અવકાશ શોધી બ્હાર આવતાં ઘટાદાર વૃક્ષો આપણે જોયાં છે. બીજનો સ્વભાવ છે કે ઉગવું–વૃદ્ધિ પામવું. એ માત્ર અનુકૂળ સંયોગોની રાહ જોતું રહે છે.

મૈત્રી પણ આત્માની સ્વાભાવિક ઉર્મિ છે. સંસ્કારી કે સુશીક્ષિત સ્ત્રી-પુરૂષોમાં જ એ વિકાસ પામે છે એમ પણ નથી. અજ્ઞાનતા, દીનતા અને પરાધીનતા જેવી કઠણ ભૂમિમાં પણ એ મૈત્રી પોતાનો સ્વાભાવિક વિકાસ સાધવા પ્રયત્ન કરે છે.

કોઇ એક ગ્રંથમાં મનુષ્ય અને યંત્ર વચ્ચેનો મૈત્રી–સંબંધ વાંચેલો અહીં યાદ આવે છે. એની ટુંકી હકીકત પણ મનોરંજક લાગશે એવી ઉમેદ છે. એક ડ્રાઇવરને પોતાના ઈંજીન સાથે ખૂબ મૈત્રી બંધાઇ ગઇ. ઈંજીન જડ–યંત્ર હતું, તો પણ ડ્રાઇવર તેને પોતાના મિત્રવત્ માનવા લાગ્યો. નોકરીની મુદત પૂરી થતાં ડ્રાઈવિરને પેન્શન લેવાનો અવસર આવ્યો. ૪૦–૪૫ વર્ષ લગી જેણે ઇંજીનની સાથે એકધારી મૈત્રી જાળવી હોય તેને એ વખતે કેટલું દુઃખ થયું હશે તેની કલ્પના આપણે ન કરી શકીએ. પોતાનું ઇંજીન ન છૂટકે એણે બીજા ડ્રાઇવરને સોંપ્યું. પણ સોંપતાં સોંપતાં તેણે કહ્યું. " ભાઇ આ ઇંજીનને મેં મારા વ્હાલામાં વ્હાલા મિત્ર તરીકે આજ લગી જાળવ્યું છે, એને તું કોઇ દિવસ કલપાવીશ મા ! જીવથી એનું જતન કરજે ! "

આખરે એક દિવસે એ વૃદ્ધ ડ્રાઇવરને જ્યારે ભય લાગ્યો કે આ ચોમાસાની ઋતુમાં આજ રાતે એંજીનને મ્હોટો અકસ્માત્ નડવાનો સંભવ છે, ત્યારે તે ડોસો ધ્રૂજતા શરીરે, કાદવ ને પાણીથી ભરેલાં ખેતરો ખૂંદતો, મધરાતે પોતાના વ્હાલા એંજીન પાસે પહોંચ્યો અને એને બચાવવા જતાં એણે પોતાના પ્રાણુની પણ આહૂતિ અર્પી !

મૈત્રીની સ્વાભાવિક ભાવના યંત્રોને પણ કેવા સબળ બનાવે છે ? એક વાર મૈત્રીનું ઝરણુ વહ્યું, એટલે પછી જડ કે ચેતનના ભેદ ભૂંસાઇ જાય છે. મૈત્રીના ભાવથી જડ–યંત્રોને પણ એ ભીંજવી દે છે.

પ્રત્યેક આત્મામાં એવાં મૈત્રીના વ્હેન વહે છે. સામી વસ્તુ જડ હોય યા ચેતન પણ જે કોઈ પોતાના અંતરનો મૈત્રીરસ છાંટી શકે છે તે પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો કૃતકૃત્ય બની રહે છે એ વિષે શક નથી. મૈત્રીનો સામો પડઘો પડે યા ન પડે, અથવા મૈત્રીના બદલામાં મૈત્રી મળે યા ન મળે એ તરફ સાચો સાધક હંમેશા બેદરકાર રહે છે.

મતલબ કે ભ્રાતૃભાવ અને દયા–મમતા કરતાં પણ મૈત્રીનો મહિમા ઘણો વધારે છે. મૈત્રીને અભિમાન કે અહંતા ને પણ ઓગાળી દે છે. જેની ઉપર મૈત્રી ઢળે છે તેને એ પોતાના જેવાજ સમાનાધિકારી સમજે છે.

મૈત્રી–ભાવના ભાવતાં, પ્રાણી માત્રને ખમાવતા જો આત્મા આટલો ઉંચે ચડે તો એ પોતાનું કેટલું કલ્યાણ કરી જાય ?

## લોર્ડ રે–યાત્રાનો પ્રભાવ

૧૮૮૫ માં લોર્ડ રે, મુંબઈના ગવર્નર હતા. એ ઘણા ખાનદાન અને સ્વભાવે ઉદાર હતા. એક વાર એ શત્રુંજયનું તીર્થ નીહાળવા ખાસ કાઠિયાવાડમાં આવ્યા હતા. સ્વ. વીરચંદ રાઘવજી અને બીજા જૈન આગેવાનોએ એ વખતે એમનો સારો સત્કાર કર્યો હતો. યાત્રામાં નહીં માનનારાઓ, એટલે કે કેવળ શોખ કે પ્રાકૃતિક સૌંદર્યની ખાતર આવો પ્રવાસ કરનારાઓના દિલ ઉપર યાત્રાની કેવી અણધારી અસર થાય છે તે સ્વ. ગાંધીએ, અમેરીકાના એક વ્યાખ્યાનમાં વર્ણવ્યું છે. એક પવિત્ર સ્થાન જ્યારે યાત્રાનું ધામ બને છે, લાખો–કરોડો–અસંખ્ય સ્ત્રી–પુરૂષો અથવા ભાવિકોના કાયિક, વાચિક, માનસિક આંદોલનોવડે ચોતરફના અણુ–પરમાણુ પણ ઓતપ્રોત બની રહે છે ત્યારે અજાણ્યા–અશ્રદ્ધાળુ યાત્રીને પણ પોતાના અલૌકિક પ્રભાવથી એ ભીંજવી દે છે. લોર્ડ રેને પણ એવો જ કઈંક અનુભવ થયો હતો. સ્વ. ગાંધી પોતાના ભાષણમાં કહે છેઃ—

" He said that he had never known what effect such a sacred place would produce on his mind but his experience at that place had shown him That such places had some influence. The sacredness of the place produced on him a wonderful effect and he even went to the extent of saying that in his past life he must have been connected with the Jain society...... '

અર્થાત્ યાત્રાના ધામનું માહાત્મય એ દિવસે એમને પહેલીવાર સમજાયું. એમણે એટલે સુધી કહ્યું કે પૂર્વભવમાં કોઈ વખતે એમનો જૈનસંઘ સાથે કંઇક પણ સંબંધ હોવો જોઇએ. લોર્ડ રે, પોતે સ્કોટલાંડના હતા. ઉત્તર–સ્કોટલાંડના લોકો કેટલેક અંશે જીવદયા પાળતા હોવાથી, અને પોતે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં ભાગીદાર હોવાથી એમણે જૈનસંઘ સાથેનો સંબંધ કલ્પ્યો હોય એમ લાગે છે. એ ગમે તેમ હો. યાત્રા, આત્મશુદ્ધિનું એક અંગ છે. યાત્રા ધામની પવિત્રતા અને પ્રતિષ્ઠા જાળવી રાખવી એ ધર્મના અનુયાયીઓ અને શ્રદ્ધાળુઓની મુખ્ય ફરજ છે.

## શ્રી આત્મારામજી મહારાજની વ્યાખ્યાન-કળા

લખવું અને બોલવું એ બન્ને કળા છે. ગમે તેમ ભરડવું એ જેમ વાણી નથી તેમ ગમે તેવું ભૂંસી બાળવું એ લેખન નથી. વાણીનું માધુર્ય, વાણીના આરોહ-અવરોહ, વાણીને અનુરૂપ ભાવ એ વ્યાખ્યાન કળાના અંગો છે. ખૂબ જુસ્સો બતાવવા જતાં કેટલાક વ્યાખ્યાનકારો પોતાના વક્તવ્યને છેક કૃત્રિમ બનાવી દે છે, તે જ પ્રમાણે વધારે પડતી મંદતા, શ્રોતાઓમાં નીરસતા ઉપજાવે છે. વ્યાખ્યાન વસ્તુતઃ એક પ્રકારનું સંગીત છે. ભલે એમાં છંદબદ્ધતા ન હોય, ઝડઝમક ન હોય, પણ કળાકાર પોતાની બંધબેસતી સુરાવટવડે અણઘડ શ્રોતાઓના દિલમાં પણ ધારી અસર નીપજાવે છે.

સ્વ. આત્મારામજી મહારાજના સંબંધમાં એમ કહેવાય છે કે તેઓ વ્યાખ્યાનને ખૂબ સરસ રીતે જમાવી શકતા. એમનામાં વિદ્વત્તા હતી, પ્રતિભા હતી, ધગશ હતી; પણ તે ઉપરાંત, એમના એક નિકટના પરિચિત વર્ણવે છે તેમ એમના વ્યાખ્યાનમાં, સામાન્ય માણસ ન સમજી શકે એવી સ્વરબદ્ધતાની આછી ઝણઝણાટી વ્યાપતી. એ સંબંધમાં એક આવી વાત સાંભળી છેઃ

આત્મારામજી મહારાજનું વ્યાખ્યાન પુરૂં થયું. એક પછી એક શ્રોતાઓ મહારાજને વાંદી, વિખરાવા લાગ્યા. ભકત જન જેવો એક ગૃહસ્થ, વ્યાખ્યાનમાં જ્યાં બેઠો હતો ત્યાં જ બેસી રહ્યો. એના મુખ ઉપર આનંદ, તૃપ્તિની ઉજ્વળ રેખાઓ છવાઇ હતી.

"કંઈક પૂછવું હશે, એટલે બેઠા હશે." એમ માની કોઇએ વધુ પૂછપરછ ન કરી.

બધા ચાલ્યા ગયા એટલે એ મહારાજજીની પાસે આવ્યો. મહારાજજીએ કોની પાસેથી સંગીતની આવી તાલીમ મેળવી હશે, તે જાણવા તેણે પોતાની આતૂરતા બતાવી.

ખરૂં જોતાં, આત્મારામજી મહારાજ કોઇ દિવસ સંગીતની સા, રી, ગ, મ શીખવા કોઇ ઉસ્તાદ પાસે ન્હોતા ગયા. એમના સંયોગો જ એવા હતા કે સંગીતને અને એમને ઘણું અંતર પડી ગયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## ( જીવનનું પરમ ધ્યેય. )

[ ગતાંક પૃષ્ઠ ૧૮ થી શરૂ. ]

સુખ એ આત્માનું સાહજીક સ્વરૂપ છે. દુઃખ એ વસ્તુતઃ આત્માથી પર છે. આથીજ આપણે કોઇ પણ પ્રકારનાં સુખને એક હક્ક તરીકે ગણીએ છીએ. કોઇ પણ પ્રકારનું સુખ આપણને પ્રાપ્ત થાય તો તે કેમ પ્રાપ્ત થયું એનો વિચાર પણ ભાગ્યેજ કરીએ છીએ. દુઃખના સંબંધમાં આપણી સ્થિતિ એથી ઉલટીજ હોય છે. દુઃખ આવે છે ત્યારે શું પાપ કર્યું હશે? "એવું કયું દુષ્કૃત્ય કર્યું હશે કે આ દુઃખ આવ્યું"? એવા એવા વિચારો આવે છે. અને મનમાં વિવિધ પ્રશ્નોની પરંપરા ચાલે છે. તાત્પર્ય એ કે–સુખ એ આત્માનો સ્વભાવ છે, દુઃખ આત્માથી પરકીય વસ્તુ છે. આથી દુઃખથી મુકિત અને વાસ્તવિક સુખની સાધના એ જ જીવનનું પરમ સત્ય છે.

---

મહારાજજીએ કહ્યું: "સંગીત–બંગીત હું કંઇ નથી શીખ્યો."

પેલા ભાઇને બહુ આશ્ચર્ય લાગ્યું. એ બને જ કેમ? સંગીતની તાલીમ વિના આખા વ્યાખ્યાનમાં એક સૂર શી રીતે સંભળાવી શકાય?

જીજ્ઞાસુ પોતે સંગીતનો જાણકાર હતો. વાત ટાળવા માત્રથી એને સંતોષ થાય એમ ન હતું. આખરે સ્વ. આત્મારામજી મહારાજે ખુલાસો કર્યો.

"ઉપાશ્રયની આસપાસના ઘરોમાંથી, રાત્રે જ્યારે સંગીતના સૂર આવતા ત્યારે ધ્યાનપૂર્વક હું એ સાંભળતો. સંગીતની મીઠાશ અને મહત્તા કલ્પતો. એને અભ્યાસ કહેવો હોય તો અભ્યાસ કહો, તાલીમ કહેવાતી હોય તો તાલીમ કહો, પણ એ સિવાય વધુ સંસ્કાર કે શિક્ષણ મને નથી મળ્યાં."

એક સમર્થ, પ્રતિભાશાળી પુરૂષ, પોતાને યોગ્ય સંસ્કારની સામગ્રી, કયાંથી–કેવી રીતે મેળવી લે છે અને એ રીતે પોતાને કળા સમૃદ્ધ બનાવે છે તે, એમના જીવનના આ પ્રસંગમાંથી સમજાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસ્તવિક પરમ સુખ એ જીવનનું પરમ ધ્યેય હોવાથી એ સુખના અભિલાષીઓએ પરમ સુખનું સ્વરૂપ યથાર્થ રીતે સમજવું જોઇએ. દુન્યવી કોઇ પણ વસ્તુ વસ્તુતઃ સુખદાયી નથી–દુઃખકર છે, એવાં અચળ મંતવ્યથી પરમ સુખના વાંચ્છકોએ પરમ સુખનાં સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો જોઇએ. કીર્ત્તિ, ધન, પુસ્તકો વિગેરે કોઇપણ વસ્તુમાં તત્ત્વતઃ વિચારતાં લેશ પણ સુખ નથી. જો આ સર્વ વસ્તુઓ ખરી રીતે સુખદાયી જ હોય તો અમુક કાળે એકનો ત્યાગ કરી બીજી વસ્તુને મનુષ્ય ગ્રહણ કરે એ શકય નથી. આ રીતે કોઇ પણ વસ્તુ વસ્તુતઃ સુખદાયી નથી. સુખ આપવાનો કોઇ પણ વસ્તુનો સ્વભાવ જ નથી. આપ્તજનોનું સુખદાયિત્વ પણ મનોકલ્પિત છે અને તેથી જ આપ્તજનોનો સંયુક્ત સંસર્ગ પણ તાત્વિક દ્રષ્ટિએ વિચારતાં વસ્તુતઃ દુઃખદાયી નીવડે છે. સુખની ઇચ્છામાં એક આપ્તજનનો પરિત્યાગ કરી બીજા આપ્તજન સાથે અનુરક્તિ રાખ્યા છતાં મનુષ્યની સુખની ઇચ્છા પરિતૃપ્ત થતી નથી, એ આપ્તજનો પણ સુખદાયી નથી એ સત્ય મંતવ્યની સાક્ષીરૂપ છે. દુન્યવી કોઈ પણ વસ્તુ તેમજ આપ્તજનો વસ્તુતઃ સુખદાયી ન હોવાનું મંતવ્ય આ રીતે સ્વયમેવ સ્વીકાર્ય થાય છે. કૃત્રિમ સુખની ઇચ્છાથી મનુષ્યનાં ચિત્તમાં વિવિધ પ્રકારના સંકલ્પોનો ઉદ્‌ભવ થાય છે. એને પરિણામે ગમે તેટલું મળ્યા છતાં મનુષ્યને સંતોષ થતો નથી, તેને કંઇ ને કંઈ ઉણપ લાગ્યા જ કરે છે. આ પ્રમાણે મનુષ્ય સુખી થવાને બદલે ઉલટો દુઃખી થાય છે. સુખની ઇચ્છાની પરિતૃપ્તિ અર્થે મનુષ્ય આમ અનેક પ્રયત્નો કરે છે છતાંયે તેને સુખ કે સંતોષ થતાં જ નથી. કલ્પિત સુખની પરિતૃપ્તિના વ્યર્થ પ્રયાસોથી મનુષ્યનું જીવન આમ દુઃખી બને છે.

આ સંસારમાં જે ધડમથલ અને દોડાદોડી ચાલી રહેલ છે તે મનુષ્ય માત્રની સુખની ઉત્કટ ઇચ્છાનું પરિણામ છે, પણ સુખની તીવ્ર ઇચ્છા કોઇ રીતે પરિતૃપ્ત થતી ન હોવાથી ભિન્ન ભિન્ન આદર્શોનું પરિશીલન થયાં કરે છે. એક આદર્શથી સુખની પરિપ્રાપ્તિ ન થતાં બીજો આદર્શ ગ્રહણ કરાય છે. આ પ્રમાણે દુનીયાની ઘટમાળ ચાલ્યા કરે છે. આમ આદર્શોરૂપી ભૂતપિશાચને કારણે મનુષ્ય અનેક વસ્તુઓની પરીક્ષામાં પોતાનું આખુંયે જીવન વ્યતીત કરે છે. ઘણાયે મનુષ્યો આદર્શસિદ્ધિની કારમી કસોટીમાં અનેક રીતે નિષ્ફળ નીવડી પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે. પરમ ધ્યેયને બદલે ગમે તેવા આદર્શોની સિદ્ધ ખાતર પોતાનું આખુંયે જીવન બરબાદ કરનાર આવા મનુષ્યો મૃત્યુ સમીપ આવે એટલે છેક હતાશ થઇ જાય છે. સુખના કલ્પિત આદર્શો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરર્થક નીવડે છે અને તેમાંનો એક પણ આદર્શ કસોટી માટે બાકી રહેતો નથી ત્યારે મનુષ્ય સંપૂર્ણ નિરાશ બને છે. આવી નિરાશ સ્થિતિમાં મનુષ્યનો કોઈ પણ પ્રકારનો ઉત્કર્ષ સંભવનીય નથી. આવા મનુષ્યોનું મૃત્યુ ધ્યેય રહિત અને નિરાશાજનક સ્થિતિમાં જ થાય છે. કલ્પિત આદર્શો પાછળ ફના થનારાઓની કેવી કરૂણ સ્થિતિ?

સુખના કલ્પિત આદર્શોથી મનુષ્યની અવદશા થાય છે એ આપણે જોયું. કલ્પિત આદર્શો ઈષ્ટ ન હોવાથી કયો આદર્શ ઈષ્ટ છે તે વિચારવાની ખાસ જરૂર છે. સુયોગ્ય આદર્શ કયો અને એ આદર્શનું કેવી રીતે પાલન કરવું એ પ્રશ્ન આપણી સમીપ ખડો થાય છે દ્રવ્ય આદિ વસ્તુઓ તેમજ આપ્તજનો એ કંઇ આદર્શ નથી. એ સર્વ આદર્શનાં સાધન માત્ર છે. વળી જુદી જુદી વસ્તુઓ તેમજ આપ્તજનો દુ:ખનાં કારણભૂત બને છે. એટલે આપ્તજનો, દ્રવ્ય આદિ પરમ સુખની દ્રષ્ટિએ ઇષ્ટ નથી. સુકીર્તિ અને ઊચ્ચ સ્થિતિ (દરજ્જો) પણ તત્ત્વતઃ સુખ અને સંતોષ જનક ન હોવાથી એ બન્ને પણ ઇષ્ટ નથી. કોટ્યાધીશ, કવિ, તત્ત્વજ્ઞાની, ઉપદેશક એ સર્વનું વિશુદ્ધ સુખમય જીવન હોતું જ નથી. તેમના જીવનમાં પણ દુ:ખ ઓતપ્રોત થયેલું હોય છે. આ રીતે દુનીયાનો કોઇ પણ મનુષ્ય દુ:ખી હોય છે એ નિર્વિવાદ છે. કોઈ પણ મનુષ્ય સંપૂર્ણ સુખી છે એમ ન જ નહી શકાય. દુનીયાના તમામ મનુષ્યો આ પ્રમાણે દુ:ખી છે. આ સંસારની એકંદર એ સ્થિતિ છે. આથી સુયોગ્ય આદર્શ મૃત્યુ–જગતની પહેલી મેર છે કે નહિ? એ પ્રશ્ન અત્યંત મહત્ત્વનો થઇ પડે છે.

અપ્સરાઓ (હુરીઓ) અર્થાત્ સ્વર્ગની અત્યંત મોહક રમણીઓના સૌંદર્ય અને સંસર્ગથી કામાસક્ત મનુષ્યોને અત્યંત આનંદ થાય છે. જેમનામાં વિષયવૃત્તિનો અભાવ છે એવા વિવેકી મનુષ્યો રમણીઓની મોહકતાથી રાચતા નથી. રમણીઓના સૌંદર્ય આદિથી તેઓ સર્વથા અલિપ્ત જ રહે છે. સ્ત્રીઓનાં સૌંદર્ય, સંસર્ગ આદિમાં વસ્તુતઃ સુખ નથી એવા વિશુદ્ધ ભાવથી પ્રેરિત થઇને સંયમી મનુષ્યો મોહદશાથી પર રહે છે.

સ્વર્ગમાં પ્રભુનું ગૌરવ પ્રત્યક્ષ રીતે જોઇ શકાય છે અને એ રીતે આત્માને અપૂર્વ આનંદ અને સુખ થાય છે, એવી અનેક મનુષ્યોની માન્યતા પણ નિર્મૂળ છે, આવી માન્યતામાં પરાધીનતાનો ભાવ સાફ સાફ તરવરે છે. અને જ્યાં પરાધીનતા હોય ત્યાં સુખ સ્વલ્પ હોય કે લેશ પણ ન હોય એ સાહજિક છે. આપણે પરતંત્ર હોવાથી સ્વર્ગનાં સુખપ્રદ દ્રશ્યનો નાશ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય એ સંભવિત છે. આ સ્થિતિમાં સુખની ઇચ્છાથી પ્રભુનાં ગૌરવનું નિરીક્ષણુ કરવું અને સુખ પ્રાપ્ત કરવું એ અશકયવત્ છે. વળી કોઇનાં ગૌરવનાં નિરીક્ષણુથી કોઇ મનુષ્યને ખરૂં સુખ થાય એ સંભવિત નથી. સુખ તો પોતાની મહત્તા, શકિત અને સત્તામાં રહેલ છે. કોઈ બીજો મનુષ્ય, રાજા કે સુખી હોય તેથી આપણુને સુખ પ્રાપ્ત થતું નથી. બીજાનાં સૌંદર્ય કે વીર્યવૃત્તિ (પરાક્રમ) આપણુને સુખ આપી શકતાં નથી. સૌંદર્ય, સત્તા આદિ આપણુામાં જ હોય તો તે સૌંદર્ય, સત્તા આદિના વિચારો સુખપ્રદ થઈ શકે છે. જ્યાં સ્વાતંત્ર્ય છે ત્યાં જ સુખ અને આનંદ સંભવી શકે છે. સ્વાતંત્ર્ય વિના સત્ય સુખની સંભાવના કલ્પનાતીત છે. કોઇ મનુષ્ય બંધનયુકત સ્થિતિમાં હોય તો બીજાની સ્વતંત્ર દશાથી તેનું દુઃખ ઉલટું વધે છે. અન્ય મનુષ્યોની સ્વાધીન દશાથી કોઇ વાર પરાધીનતાની જંજીરનો ભાર હળવો થાય છે. આપણું હૃદય કદાચિત્ સ્વલ્પ કાળ માટે સુખનો અનુભવ પણુ કરે છે; પણુ પરિણુામે તેથી મનોવેદના વધે છે અને સુખને બદલે વધારે દુઃખદ દશા પ્રાપ્ત થાય છે.

સુખનો આવિર્ભાવ આત્માથી પર નથી. તેની સત્ય નિષ્પત્તિ અંતરથી થાય છે. સુખનું વાસ્તવિક સ્વરૂપ અદ્ભુત છે. પ્રખ્યાત આંગ્લ ગ્રંથકાર લોર્ડ એવેબરીએ પોતાનાં એક પુસ્તકમાં સુખનાં સ્વરૂપનું સુંદર નિદર્શન કર્યું છે. સુખનાં સ્વરૂપનું અવલોકન કરતાં આ મહાન્ તત્ત્વચિન્તક જણાવે છે કેઃ—

"દ્રવ્ય, સાફલ્ય, મિત્રો, આરોગ્ય, બળ એ સર્વથી આપણુને વાસ્તવિક સુખ પ્રાપ્ત થતું નથી. દ્રવ્ય વિગેરે માત્ર સુખનાં સાધનો જ છે. કુદરતની કૃપાથી આપણુને કીર્ત્તિ, આરોગ્ય, દ્રવ્ય, દીર્ઘાયુ એ બધુંયે મળે પણુ તેથી આપણે સુખી થઇ જતા નથી. કુદરતની કૃપારૂપ આ સર્વ સાધનોથી આપણુને સુખ મળી જતું નથી. સુખની પ્રાપ્તિ માટે દરેક મનુષ્યે જાતે જ પ્રયત્ન કરવો જોઇએ. ખરૂં સુખ મળે છે એટલે એ સુખની આપણે મુકતકંઠે પ્રશંસા કરીએ છીએ. એક દિવસ પણુ ખરાં સુખમાં જાય એટલે 'આજનો દિવસ આનંદમાં ગયો' એમ આપણે સહર્ષ પોકારી ઉઠીએ છીએ. આપણો આ હર્ષયુકત પોકાર સુખનાં સત્ય સ્વરૂપનું સૂચક ચિન્હ છે. આપણું સુખ આપણુા ઉપર જ આધાર રાખે છે." સુખનાં સત્ય સ્વરૂપ વિષે લોર્ડ એવેબરીના ઉપરોકત 'On Peace and Hapainess', Ph. 1-2. વિચારો સંપૂર્ણ સયુકિતક છે. સુખ કોઈ બાહ્ય વસ્તુમાં નથી જ, તેનો આવિર્ભાવ અંતરથી થાય છે, અંતરથી પરિણુત થયેલાં સુખમાં જ ખરો આનંદ રહેલો છે. આત્મા જ સુખશૂન્ય હોય તો સ્વર્ગ આદિથી પણુ વસ્તુતઃ કશુંયે સુખ પ્રાપ્ત થતું નથી.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રવણ અને સંસ્મરણ

( સુશીલ )

## (૧) મૃત્યુનો ભય : મોહ

એવું કોઇ પ્રાણી હશે કે જે મૃત્યુ જોઈને ન ગભરાયું હોય ? મૃત્યુની ભયંકરતાએ ભલભલા વિલાસીઓની મોહનિદ્રા ઉડાડી દીધી છે. મૃત્યુનું વિકરાળ સ્વરૂપ જોયા પછી ચક્રવર્ત્તી જેવા પુરૂષો પણ સેહ ખાઈ ગયા છે. સાધનામાંયે મૃત્યુને જીતવાનો, જન્મ જરા મૃત્યુની પેલી પાર પહોંચવાનો મંત્ર મુખ્ય ગણાય છે.

મૃત્યુ શા સારૂ ભયંકર લાગે છે ? સંસારની વસ્તુઓ કે સગા–સંબંધી મોહ–મમતાને એ મૃત્યુની ભયંકરતામાંથી બાદ કરીએ તો બાકી શું રહે ? મૃત્યુની ભયંકરતા નિવારવા નહીં તો ઓછી કરવા સારૂ પણ મોહનું માહાત્મ્ય સમજવું જોઇએ. એક સીક્કાની બે બાજુ હોય તેમ સંસાર–સીક્કાની પણ બે બાજુઓ છેઃ (૧) મૃત્યુની ભયંકરતા અને (૨) મોહ–મમતા.

ભોગ–ઉપભોગની અનેકવિધ સામગ્રીની વચ્ચે વસનાર માણસને જ મોહ મમતા સંભવે અને એથી એને મૃત્યુની ભયંકરતા વધુ પ્રમાણમાં ભાસે એ કલ્પના કાઢી નાખજો. આ એકજ ચિત્ર જુઓ.

એક ડોશી રસ્તે ચાલી જાય છે. એનું એકે એક અંગ ઉપાંગ જીર્ણ બન્યું છે. જમની સાથે જુદ્ધ કરીને જ જીવતી હોય એમ લાગે છે. ઠંડીથી બચવા જે પુરાં વસ્ત્રો જોઇએ તે પણ એની પાસે નથી. તડકાથી બચવા જે છાપરૂં જોઇએ તે પણ ટુટી ગયું છે. વર્ષા ઋતુમાં તો એની મુંઝવણનો કોઈ પાર નથી રહેતો.

ટાઢથી એનું શરીર ધ્રૂજે છેઃ એક જ મલીન જીર્ણ વસ્ત્ર પહેર્યું છે. સવારે ખાઇને નીકળી હશે એમ માનીએ તો પણ સાંઝે એને પેટનો ખાડો પુરવા અન્ન મળશે કે કેમ એ એક સવાલ છે. એણે એક પછી એક પોતાના સગા-વ્હાલાઓને, પુત્ર–પુત્રીઓને, પતિ, સાસુ–સસરા વિગેરેને પરલોકને પંથે પળતાં જોયાં છે. વિસ્તારવાળા કુટુંબમાં એ જ એક ડોશી–મા રહી ગયાં છે. એમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજી પણ જીવવું ગમે છે. મૃત્યુને ભલે વાતવાતમાં સંભારે પણ મૃત્યુની ભયંકરતા એમને ગભરાવે છે.

વૃદ્ધ ડોશીએ આજ સુધીમાં ઘણું ઘણું ગુમાવ્યું છે. એમનું યૌવન ગયું, એમની સંપત્તિ ગઈ, શરીરની શકિત ગઈ, સંસારના અનેક સગાઓ ગયા, સર્વસ્વ ગયું છે બાકી કંઈજ રહ્યું નથી. છતાં એમણે જે બળતણ સંઘરી રાખ્યું છે તેમાંથી અર્ધું છાણું કે એકાદ સાંઠી તો તમે લઈ જુઓ. વૃદ્ધ ડોશી તમારી સાથે લડવા બ્હાર પડશે, જીવનનું અમૂલ્ય ધન લૂંટાઇ જતું હોય એમ તપી જશે. વસ્તુ ઉપર જેમને આટલી મમતા હોય તેમને મૃત્યુ કઇ રીતે મીઠું લાગે ? મોહવાળો માનવી મૃત્યુની સામે ચાલી, શી રીતે મૃત્યુનું સ્વાગત કરે ? "આવ ! આવ ! મિત્ર મૃત્યુ ! આજ સુધી હું તારી જ રાહ જોઇ રહ્યો હતો. આખી રાત ઉજાગરો કરીને તારે માટે જ આ પુલની માળા ગુંથી તૈયાર કરી છે. તારૂં સ્વાગત કરવા તૈયાર છું." એમ કોઇ મોહ માયામાં ગળા સુધી ખુંતેલો માનવી થોડો જ કહી શકે ? મૃત્યુનું સ્વાગત કરનાર પાસે તો મૃત્યુ પોતે રમણીય બને છે.

માણુસ કેટલીકવાર તત્ત્વજ્ઞાનીની વાણી વદે છેઃ "અમારે શું બાંધી જવું છે ? બધું અહીં ને અહીં જ પડી રહેવાનું છે. આ તો પાછળ પુત્રપરિવાર પડયો છે એમને માટે બધા ઉધામા કરીએ છીએ."

પણ એ મહાનુભાવના પુત્ર–પુત્રી કે પત્નિ જો એક રાતો પૈસો ખોઇ નાખે–વેડફી નાખે તો એ તત્ત્વજ્ઞાનીને કેટલું દુઃખ થાય ? એ વખતે એમને એમ પણ લાગે કે આવાં ઉડાઉ છોકરાં હોય એના કરતાં વાંઝીયા શું ખોટા ? ધનધાન્ય ઉપર આટલી મોહ–મમતા હોય એમને મૃત્યુનો સાદ કેટલો બેચેન બનાવી દે ? મમતા અને મૃત્યુની ભયંકરતા એ બન્ને જાણે કે સગી બ્હેનો હોય એમ નથી લાગતું ?

રમણીય મુંઝવણુથી ભરેલું આ એક બીજું ચિત્ર જુઓઃ—-

એક અબોધ બાલિકા, માતપિતાના આગ્રહથી પહેલવહેલી પોતાના સાસરે જાય છે. સૌનાં મુખ ઉપર આનંદની લાલીમા દેખાય છે, માત્ર પેલી ન્હાની બાળા એ આનંદમાં કઈ જ ભાગ લઇ શકતી નથી. એનું અંતર અંદરથી વલોવાઈ રહ્યું હોય છે. એ વિચારે છેઃ કોણુ જાણે આ લોકો "મને કયાં લઇ જશે ? ત્યાં મારી માતા નહીં હોય, પિતા પણ નહીં હોય" ભાઈ કે બ્હેનનાં પણ દર્શન ત્યાં નહીં મળે ! ત્યાં સાસરામાં ગયા પછી મારૂં કોણુ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાસુ–સસરાની કલ્પના જ એને ત્રાસદાયક લાગે છે. ટુંકામાં જે કંઈ પરિચિત છે, જાણીતું છે એ બધું છોડીને છેક અપરિચિત–અજાણ્યા પ્રદેશમાં જવું એ કંઈ ઓછું ભયંકર છે ?

બે–પાંચ વરસ વીત્યા પછી એ આખુંયે પ્રકરણ પલટાઇ જાય છે. માંડ માંડ માતપિતાથી વિખુટી પડેલી બાલિકા હવે મા–બાપ પાસે જવાનો વિચાર પણ ભાગ્યે જ કરે છે. એક વખત જે અતિ ભયંકર ભાસતું હતું તે હવે એને સ્વાભાવિક બને છે.

એક તો જેની ઉપર મોહ–મમતા–માયા હોય એ બધું તજી દેવું પડે અને નવો માર્ગ સાવ અપરિચિત–અજાણ્યો હોય એટલે ભયંકરતા બેવડાય એ સ્વાભાવિક છે. એ રીતે મૃત્યુ બેવડું ભયંકર બને છે.

સંસારની અનિત્ય–ક્ષણિક સામગ્રી ઉપર મૃત્યુની ભયંકરતાનો ધ્વજ લહેરાય છે. અનિત્ય વસ્તુઓ વિષેનો મનુષ્યનો મોહ જેમ જેમ ઉડતો જાય છે તેમ તેમ મૃત્યુની ભયંકરતા પણ ક્ષીણ પામતી જાય છે. એટલે જ એ ભયંકરતાને જીતવા સારૂ શાસ્ત્રકારોએ કહ્યું છે કે "અનિત્યને મૂકી નિત્ય એવી આત્મવસ્તુ ચિંતવો (આત્માના આનંદ) સામર્થ્ય અને જ્ઞાનની જેમ નજીક પહોંચાય તેમ કરો. એ જ નિત્ય અને શાશ્વત છે, અનિત્ય અને ક્ષણિકમાંથી વૃત્તિ ઉઠાવી લ્યો અને આત્મહિતમાં પરોવો; પછી તો મૃત્યુ પણ પરમરમણીય રૂપ ધરી રહેશે."

નિત્ય અને અનિત્ય એ બેમાંથી એકની પસંદગી કરી લ્યો. એક ઉત્તમ અને એક હલકી એવી બે વસ્તુઓ વચ્ચે પસંદગી કરવાની હોય તો કોણ હલકી વસ્તુ પસંદ કરે ? જેને ત્યાં રોજ સારા ગવૈયા આવીને મનોહર ગીત સંભળાવી જતા હોય તે એકાદ શીખાઉ માણસના બસુરા ગીત સાંભળવાનું શું પસંદ કરે ?

પણ નિત્ય અને અનિત્યનો ભેદ ઓળખવો એ સામાન્ય વાત નથી. બન્ને વચ્ચેનો ભેદ જાણ્યા પછી અનિત્ય વિષેની મમતા ઉતારી, નિત્યને વિષે સ્થાપવી એ બહુ કઠિન છે, એ કઠન માર્ગને સહજ બનાવવાનો એક રાજમાર્ગ પૂર્વાચાર્યોએ પ્રબોધ્યો છે. એ સંબંધે વિશેષ વિચાર આપણે હવે પછી કરીશું.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૩૧૭ થી શરૂ. )

આગ્રા મોગલાઇ જમાનામાં વસ્યું અને મોગલાઈ જમાનામાં જ આબાદ **સમૃદ્ધિશાલી** ગણાયું. ભારતના પાટનગરનું ગૌરવન્તુ માન આ નગરે મેળવ્યું છે. મોગલાઇનો **તાજ** પણ અહીં જ શોભ્યો. દિલ્હી સિવાય બીજા કોઈ પણ **શહેરને** આવું માન નથી મળ્યું. મહાન્ **મોગલસમ્રાટ અકબરને** પ્રતિબોધ આપી આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી પ્રથમ ચાતુર્માસ માટે આગ્રાજ પધાર્યા હતા તેઓશ્રીના ઉપદેશથી આગ્રાના શ્રી સંઘે અનેક શુભ કાર્યો કર્યા હતાં. પ્રસિદ્ધ શ્રી [1]ચિન્તામણી પાર્શ્વનાથનું મંદિર બંધાયું અને ચોમાસા પછી પ્રતિષ્ઠા થઇ. મોગલસમ્રાટ અકબર પાસે પર્યુષણામાં અમારી પળાવવા પ્રથમ અહીંના અગ્રેસરો સૂરિજીનો પત્ર લઇને ગયા હતા અને બાદશાહે બાર દિવસ ( એક મહીનાનો પણ ઉલ્લેખ મળે છે ) અમારી પળાવી હતી. શૌરીપુર–મથુરાના સંઘો નીકળ્યા હતા. શૌરીપુરમાં તો [2]પ્રતિષ્ઠા પણ કરાવી હતી. આ બધું ૧૬૩૯–૪૦ માંજ બન્યું હતું. આ વખતે જૈનોની ઘણી વસ્તી હશે, આબાદી પણ સારી હશે.

અહીં અત્યારે ૧૧ જિનમંદિરો છે તેમાં **શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથનું** મંદિર મુખ્ય છે અને સૌથી પ્રાચીન મંદિર પણ આજ છે. આ સિવાય શ્રી વાસુપૂજ્ય પ્રભુનું મંદિર પણ પ્રાચીન કહેવાય છે, તેમજ શ્રી **સીમંદરસ્વામિનું** પણ પ્રાચીન કહેવાય છે આ સિવાય બાકીના

---

૧ આગ્રામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીનું મનોહર વર્ણન હીરસૌભાગ્યકાર આ પ્રમાણે આપે છે " મણિંસુરાણાં તનુમત્સમીહિતં પ્રદિત્સયેવ ત્રિદિવાદુપાગતમ્

સતત્ર ચિન્તામણિપાર્શ્વતીર્થપં. મહામહેન પ્રતિતસ્થિવાન્પ્રભુઃ ૧૫૨" જગતના મનુષ્યોની ઇચ્છિત પૂર્તિ માટે દેવલોકમાંથી આવેલ ચિન્તામણીરત્નસમાન શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ તીર્થનાથની મોટા મહોત્સવપૂર્વક આગ્રામાં પ્રતિષ્ઠા કરી.

૨ શૌરીપુરની પ્રતિષ્ઠા અને યાત્રા આદિ માટે જુઓ હીરસૌભાગ્ય કાવ્ય શ્લોક ૧૩૩ થી ૧૫૦ સુધી. શ્રી હીરવિજયસુરિજીના સમયનો જુનો ઉપાશ્રય પણ રોશન મહોલ્લામાં છે. ત્યાં નીચેના ભાગમાં વ્યાખ્યાન હોલમાં મણિભદ્રજી બહુજ ચમત્કારી છે. નીચે સુંદર ભોંયરૂં છે.૩૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધા ૧૮–૧૯ મી સદીનાં છે. શ્રી **વીરવિજયજી જૈન પાઠશાળા** છે. જે **શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના શિષ્યરત્ન** સુપ્રસિદ્ધ ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજના ઉપદેશથી શરૂ થએલ છે જે અત્યારે સારી સ્થિતિમાં ચાલે છે. તેની વ્યવસ્થા સારી છે. તેની સાથે સ્કુલ પણ ચાલે છે જેમાં જૈનેતર બધાય ભણે છે. બાલક–બાલિકાઓ સાથે જ ભણે છે. શ્રી **આત્માનંદ પુસ્તક પ્રચાર** મંડળ ચાલે છે. આ મંડળે હિન્દીમાં ઘણા ઉત્તમોત્તમ પુસ્તકો પ્રકાશિત કરી હિન્દી જૈન સાહિત્યમાં અપૂર્વ વધારો કર્યો છે. આ બન્ને સંસ્થાના આત્મારૂપ બાબુજી શ્રીયુત **દયાલચંદજી જોહરી** છે. મદદ સારી મળે તો આથી પણ વધારે કામ થાય તેમ છે. આ સિવાય **શ્વેતાંબરજૈન** હિન્દીસાપ્તાહિક પણ અહીંથી–મોતિકટરામાંથી જ પ્રગટ થાય છે.

આગ્રામાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનાં ઘર થોડા છે, પરન્તુ અન્ય ફિરકા સાથે મૈત્રી ભાવના સારી છે. યદ્યપિ આપસમાં અનેક મતભેદો છે પરન્તુ તે ઉગ્ર સ્વરૂપમાં પ્રત્યક્ષય નથી એ સારૂં છે. આ ઐકયતાના જમાનામાં ભ્રાતૃ ભાવ અને પ્રેમસૂત્રથી ગુંથાઇ રહેવામાંજ લાભ છે. જે સમાજ ઐકયતાથી રહેશે તેજ બળપ્રદ અને ગૌરવશીલ રહેશે

**બેલનગંજ** આગ્રાનું એક પરૂછે. ાાા માઇલ દૂર છે. અહીં એક વિશાલ જિનમંદિર છે. જો કે ૧૧ માં આની ગણતરી આવી જાય છે. અહીં આચાર્ય **શ્રી** વિજય ધર્મસૂરિજીના ઉપદેશથી તેઓશ્રીના અનન્ય ભક્ત શેઠજી **લક્ષ્મીચંદજી** વૈદે એક ધર્મશાળા અને વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિર બનાવ્યું છે. વિજયધર્મસૂરિનાં ઘણાંખરાં પુસ્તકો **અહીં** છે. કલકત્તા છોડી ઠેઠ આગ્રા સુધીમાં જૈનો માટે તેમાં ય શ્વે. જૈનોની **આજ** મોટી લાયબ્રેરી છે. તેના કયુરેટર પંડિત તર્કભૂષણ ન્યાયતીર્થ ભાઇ ર**તીલાલ** બહુ જસારાવ્યવસ્થાપક અને સજ્જન છે ( ખેદ છે કે આ વર્ષે આ લાયબ્રેરી બંધ પડી છે.

ગામ બહાર દાદાવાડીમાં પણ સુંદર મંદિર છે. તેમાંય ભોંયરામાં શ્રી **મહાવીર ભગવાન**ની સુંદર અને ચમત્કારી મૂર્તિ છે. ત્યાં મણિભદ્રજી પણ ચમત્કારી છે. મંદિરની સામે શ્રી હીરવિજયસૂરીની પાદુકાની દેરી છે. કમ્પાઉન્ડ બહાર દાદાજીના પગલાંની દેરી છે. આપણી બેદરકારીથી ઘણી જમીન આપણે ગુમાવી છે. આ બાગ હીરાનંદ નીહાલચંદે બંધાવ્યો હતો.

શ્રાવકોએ આગ્રા ફોર્ટ ઉતરવું અને ત્યાંથી પાંચ મીનીટના રસ્તેજ રોશન મહોલ્લામાં જૈન શ્વેતાંબર ધર્મશાળા છે ત્યાંજ મંદિર આદિ છે.

**હવે એક મહત્ત્વની વીગત આપી આગ્રાનું વર્ણન સમાપ્ત કરીશ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગ્રામાં રોશન મહોલ્લામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીના મંદિરમાં એક **શીતલનાથ ભગવાનની** વિશાલ અને ચમત્કારી મૂર્તિ છે.

આ મૂર્તિ રોશન મહોલ્લા સામેની મોટી મસ્જીદનો પાયો ખોદતા નીકળેલી છે. નીકળી ત્યારે ત્યાંના સુબાએ પ્રથમ દિ. જૈનોને બોલાવ્યા. તેમણે મૂર્તિને ઉઠાવવા ઘણો પ્રયત્ન કર્યો પરન્તુ મૂર્તિ ઉઠી નહિ. પછી શ્વેતાંબર જૈનોને બોલાવ્યા. તેમણે આવી ઉઠાવવા માંડી તો વિના પ્રયત્ને મૂર્તિ ઉઠી. પછી શ્વેતાંબર જૈનોએ શ્રી ચિન્તામણી પાર્શ્વનાથના મંદિરની બાજુમાંજ વેદી બનાવી ત્યાં પધરાવ્યા. આની પ્રતિષ્ઠા પં. કુશલવિજયજી ગણીએ ૧૮૧૦ માં કરેલી છે. વળી આજ સમયે ઉ. શ્રી વિવેકહર્ષગણિની ભરાવેલ *શ્રી મુનિસુવ્રતસ્વામી વગેરે ચોમુખજીની પણ પ્રતિષ્ઠા કરેલી છે.* આ ચોમુખજી અત્યારે પણ ચોમુખજી તરીકે જ છે, શીતલનાથની પ્રતિષ્ઠાનો શિલાલેખ પણ વેદ્યમાન છે.

આ મૂર્તિની રચના જે વખતે શ્વે. દિ. ઝઘડા ન હતા તે વખતની છે. શ્રી વિમલચંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત છે. જેઓ વિ. સં. ૯૯૧ માં સ્વર્ગે ગયા છે આ શ્રી શીતલનાથજીની શ્વે. દિ. અને સ્થાનકમાર્ગી અભેદભાવે માને છે. અજૈનો પણ પ્રેમભક્તિથી માને છે, પરન્તુ પૂજન વિધિ શ્વેતાંબર આમ્નાય મુજબજ થાય છે, સત્તા અને વ્યવસ્થા શ્વેતાંબર સંઘની છે. પર્વના દિવસોમાં તો મુગુટ, કુંડલ, આંગી આદિ ચઢે છે. હાલમાં આની દેરીનું પચ્ચેકારી કામ શ્વેતાંબર શ્રીસંઘ તરફથી કરાવવામાં આવેલ છે, જેમાં હજારો રૂપિયા વપરાયા છે. કામ એવું ઝીણું અને સુંદર છે કે બારીકીથી જોનારને જ તેમાંની ખુબી સમજાય. તાજમહેલમાં પણ આવું સુક્ષ્મીકરણ નથી. પુષ્પની પત્તી પત્તી રેખા રેખા સ્પષ્ટ જણાય છે. ખાસ દર્શનીય સ્થાન છે. દિ. જૈનોએ આ મૂર્તિના જેવી જ મૂર્તિ પોતાના સમ્પ્રદાયમાં હોવી જોઈએ તે ધારણાથી ગામ બહાર નવું મંદિર બનાવી આજ નમુનાની બીજી મૂર્તિ પધરાવી છે; પણ જે ચમત્કાર, ભવ્યતા અને ઓજસ શ્વે. મંદિરમાં શ્વે. મૂર્તિ **શ્રી શીતલનાથજીને** છે તેનો અંશ પણ ત્યાં નથી. અને રોશન મહોલ્લો કે જેમાં અત્યારે શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીનું મંદિર છે, તે રોશન મહોલ્લો શ્વે. જૈનોને ત્યાંના સુબા તરફથી મંદિરની રક્ષા અને આવક માટે ભેટ કરેલ હતો. પરન્તુ શ્વે. જૈનોની કમજોરી, બેદરકારીએ ઘણું ગુમાવ્યુ છે. અત્યારે થોડા મકાન મંદિરજી ખાતે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અલ્લુકૃત ભાવના.

સંપાદક—રા. મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ.

( ગત વર્ષ ૩૧ ના અંક ૧૨ ના પૃષ્ઠ ૩૨૧ થી શરૂ. )

દુહા–'પયોગી' કહેતાં આત્મા, જે આપણા ઉપયોગથી ન્યારા જાણે છે–મન, વચન, કાયાના યોગ પ્રતે', એ આત્મા કન્હે દેખવા જાણવાની શકિતબંધ તેજ પ્રતિ અને યોગવિષયે તે આત્મશકિત ધરવાપણાની શકિત છે. જેમ સૂર્યકિરણ પૃથ્વીને વિષે, તેમ જ્ઞાન જ્ઞેય વિષે યોગ સહિત જે આત્મા તે યોગી કહીએ. તેહની એ રીતિ છે. જે સર્વે સંવર ભાવના કહી તે જ્ઞાન–સૂર્યોદય વેળા પ્રભાત સમાન છે, અને વલતુ જેમ જેમ જ્ઞાનસૂર્યનાં કિરણ વિસ્તાર પામે, તેમ તેમ મોહાંધકાર નાસે, કર્મકર્દમ સૂકાય. જેમ જેમ જે પુદ્ગલ પાણી સૂકાય, વિખરી જાય તેમ તેમ વિભાવપરિણતિરૂપ પાણી સૂકાતાં કર્મ પુદ્ગલ દ્રવ્યસ્યું મળી મળી સંયોગ કરે છે તેહને નિર્જરા કહે છે. તીર્થંકરાદિ તત્ત્વના જાણ તેહને એટલે કેને નિર્જરા કહે છે? જ્યાં પુદ્ગલ દ્રવ્ય સ્કંધ પર્યાયરૂપ વિભાવ પરિણતિ પરિણમ્યો અને જીવ દ્રવ્યપણે વિભ્રમ, વિમોહ આદિ વિભાવ પર્યાય પરિણતિ પરિણમ્યો–એમ બેઉને દ્રવ્યની વિભાવ પરિણતિ એક ક્ષેત્રે એક સમયે પરસ્પરે કાર્ય કારણરૂપ થઇ પ્રકૃતિ, સ્થિતિ,

---

જૈન બોર્ડિંગ આદિ, જૈનોની અને સ્થા. જૈનોની પણ સંસ્થાઓ છે. આ સિવાય સુપ્રસિદ્ધ તાજમહેલ, દયાલબાગ, અકબરનો કિલ્લો, સિકંદરા, અકબરની કબર આદિ મોગલાઇ સમયની જાહોજલાલીના નમુના સમય હોય તેમણે જોવા જેવા છે.

આગ્રાથી વિહાર કરી **મથુરા ગયરા.** આગ્રાથી ૩૨ માઇલ દૂર મથુરા છે. સીદ્ધી સડક છે. મોટરો દોડાદોડ કરે છે. રસ્તામાં આવતા ઘણા ગામોમાં **પલ્લીવાલ** જૈનોની વસ્તી આવે છે. બધાય શ્વે. જૈન છે પરન્તુ આપણા સાધુઓના વિહારના અભાવે કેટલાક સ્થાનકવાસી અને કેટલાક દિગંબર બન્યા છે. આપણા સાધુઓના વિહારના અભાવે આપણે ઘણુંઘણું ગુમાવતા જઇએ છીએ. હજીપણુ મંદિરોમાં શ્વે. મૂર્તિઓ છે પરન્તુ વિધિ અર્ધી શ્વેતાંબરી અને અર્ધી દિગંબરી એમ મિશ્રણ ચાલે છે. [ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ, પ્રદેશ, બંધરૂપ સંબંધે મળી તે જીવ પુદ્દગલ સંબંધનું વિછડવું-બેઉની વિભાગ સત્તાનો અનાદિ સંયોગ તેહનો જે વિયોગ તેને તીર્થંકર ગણધરાદિક તત્ત્વવેદી નિર્જરા કહે છે. ૯.

છંદ-અહો ચેતન! નિર્જરા તે તેને કહીએ-તેને એટલે કેને?—જે કર્મ પુદ્દગલાત્મક સંયોગ આત્મપ્રદેશ સાથેનો, તેની સંબંધ સ્થિતિ પૂરી થઇ જ્યાં બંધ ત્યાં પૂરણરૂપ પુદ્દગલ વિભાવપરિણતિ અને જ્યાં નિર્જરા ત્યાં ગલણરૂપ વિભાવપરિણતિ-એમ બેઉ ઠામે પૂરણ ગલણરૂપ પુદ્દગલ વિભાવ ધર્મ થયો. અત્ર વિતર્ક: "સ્વામી! પૂરણ ગલણ સહાવો" એ શબ્દાર્થથી પૂરણ ગલણ સ્વભાવે છે, એમ બોલતાં તો તેમાં વિભાવ કેમ કહ્યો?" ગુરૂ કહે છે- 'અહો શિષ્ય! અત્ર સ્વભાવથી બોલાયું તે સામાન્યપણે પરિણમન શકિતની અપેક્ષાએ કહ્યું. પુદ્દગલ પરમાણુ વિષે સ્કંધરૂપ પરિણમન શકિત સ્વભાવે છે તો પરિણમે છે, નહિ તો એમ અન્યદ્રવ્ય કાં નથી પરિણમતી? એ એની જ શકિત છે, માટે સ્વભાવ કહ્યો; તથા પુદ્દગલની પૂરણ ગલણરૂપ અશુદ્ધ સત્તા વિભાવ પરિણતિ, તેમ ચેતનની અશુદ્ધ સત્તા વિભાવ ચેતના જ્ઞાનાત્મક પરિણમી તે સંયોગ-સ્થિતિ પૂર્ણ થતાં તે વિભાવોત્પન્ન જે અનાદિ કાલીન સંબંધ પુદ્દગલ જીવ દ્રવ્યે દેશતઃ તેનો થાય છે વિયોગ, દ્રવ્ય ભાવ ભેદે જ્યાં, તે નિર્જરા કહીએ.

થઇ છે પુદ્દગલ અને જીવને અશુદ્ધ પરિણતિ-તેનો વિયોગ તેમને આપ આપણી શુદ્ધ પરિણતિ પરિણમતાં સંયોગ પરવિયોગ રૂપ સ્વભાવ કાર્ય કરતાં કોણ રાખે, કોણ રોકે? જેમ વિભાવ પરિણતિ કારણ પામી વિભાવરૂપે નિજ શકિત પરિણમેલી હતી તેમ સ્વભાવ પરિણતિ કારણોપદાન યોગ પામી સ્વભાવ શકિત પરિણમે, ત્યાં અન્ય દ્રવ્યનો સારો (આધાર?) નહી, ત્યારે તે પરમાણુ તથા જીવપ્રદેશ સ્કંધ બંધ છૂટે. તે પુદ્દગલ પરમાણુ દશે દિશાએ વિખરતા જાય અને ચૈતન્ય પ્રદેશપણે નિરાવરણપણે પોતાની શુદ્ધ સત્તા દર્શન જ્ઞાન ચેતનારૂપ તે સર્વત્ર વિસ્તારે. હવે જે જ્ઞાનચેતનાએ શુદ્ધપણું પોતાનું જાણ્યું, જાણીને તે શુદ્ધોપયોગ ચેતના શુદ્ધરૂપે પરિણમી, ત્યારે પરપરિણતિને કોણ સંગ્રહે? એટલા કાલ લગી પુદ્દગલ દ્રવ્ય સંબંધી જે પરપર્યાય તેને ચેતન વિભાવ પરપરિણતિ તે સંગ્રહતી હતી. વિભાવ પરિણતિ જાતાં થકાં 'પિછલો નિવારો' કહેતાં છેલ્લો વિયોગ ચૈતન્ય પુદ્દગલને થયો, પણ એ ચૈતન્ય પુદ્દગલાપેક્ષાએ પરં-પુદ્દગલને નહી, જે માટે પુદ્દગલનો વિભાવ તે પુદ્દગલ વિભાવે અનાદિઅનંતરૂપ છે, અને જીવ વિષે પણ જે અભવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ભવ્ય તેને પણ અનાદિઅનંત સ્થિતિ વિભાવ છે, તે માટે છેલ્લી સકામ-નિર્જરા તે ભવ્યાપેક્ષાએ જે માટે ભવ્યનો વિભાવ તે તિરોભાવે છે તે આવી-ર્ભાવાપેક્ષાએ સાદિ અનંત, સત્તાપેક્ષાએ અનાદિઅનંત–એમ અનેક ભાંગા જાણવા.

હવે છેલ્લી નિર્જરા કેવી છે ? તે કહે છે. 'આગે' કોઇ કાલ વિષે તે પરપરિણુતિ આત્મપ્રદેશ સંઘાતે સંબંધ સંબંધે એકત્વપણે નહિ પરિણમે. યદ્યપિ જીવ લોકાગ્રક્ષેત્રે રહે છે ત્યાં સિદ્ધપણે પુદ્ગલદ્રવ્યના સ્કંધ, દેશપ્રદેશ, પરમાણુ સર્વ ભેદ છે, તથા પૂર્વે સંસારાવસ્થાએ જેમ ચેતનપ્રદેશ તે રૂપે પરિણમતાં તે પરિણમનસત્તા ગઇ તે માટે પુનર્બંધ ન થાય, અને 'યહ' કહેતાં એ શક્તિ પુદ્ગલદ્રવ્યની છે એટલે શું ? તે કહે છેઃ–'મિલન' મિલવારૂપ 'વિછુરન' કહેતાં વીછડવારૂપ–એટલે પરમાણુ મળીને સ્કંધ થાય, વળી તેજ પરમાણુ સ્કંધપણું છાંડી પરમાણુ થાય–અને પુદ્ગલ દ્રવ્યને 'આસકી'–લગ્નપ્રીતિ સ્વભાવ અનાદિઅનંતરૂપ પરિણુતિ છે. અહો ચેતન ! તું જ્ઞાનદ્રષ્ટિ ધરીને દેખી જો. એવી રીતે જે પૂર્વે બંધ પ્રબંધ રચના કહેશે. થઇ છે નિર્જરા તેની. કોણ તે, જે એ ભેદ સ્વપરિણિતના જાણ, તે જાણીને સ્વભાવાભ્યાસાર્થે પરભાવત્યાગોદ્યમી થાય તે. ૯

દોહાઃ—નવમી નિર્જરા ભાવના ભાવતાં આવરણને ત્રુટીને ત્રાડીને વેગલું કરીને અનંત જ્ઞાનશક્તિ નિરાવરણપણું જેમ જેમ પામ્યું તેમ તેમ લોકમાંહિ દ્રષ્ટિ કે લીંપણ જે પરોક્ષ લોકભાવ રહ્યા તે જાણવાની ઇચ્છા–વિચારણા–ચિંતવન તે લોકભાવના દશમી કહીએ છીએઃ–'સકલદ્રવ્ય'–સમસ્ત ષટ-દ્રવ્ય તે ત્રણે લોક મધ્યે છે, પણ તે ષટદ્રવ્ય મુની કમુની કહીએ. મુનીશ્વર તેને ધ્યાનને પદેતરિ દીધા છે–એટલે મુનિઓને ધ્યાન પરિણામસ્થાન પન ગેય છે, અથવા મુનિ કહીએ જ્ઞાન, તેને જાણવા હેતે 'દીનિ' કહેતાં દીધા છે એટલે સ્થાપ્યા છે. જ્ઞાન ગુણચેતનાને જાણવાને જ્ઞેયક્ષેત્ર કરી અને જે એ આત્માને સંસારપણું થાપ્યું તે સર્વ દ્રવ્યના સંયોગપણાની યુક્તિ કરી. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર મોક્ષમાર્ગાધ્યયનમાં એમ કહ્યું છે કેઃ— धम्मो अहम्मे એમ વ્યવહારનયે સર્વ દ્રવ્ય સંયોગે સંસારલોક એમ નામ સ્થાપના, અને નિશ્ચયનયે શુદ્ધ દ્રવ્યાર્થિક વિચારે; ન સંયોગ, ન સંસાર, ન લોક–આપ-આપણે રૂપે સર્વ પૃથક્ પૃથક્ છે. ૧૦

છંદ. અહો આત્મા ! એ ત્રણ લોક ષટ્દ્રવ્ય રહેવાને પરમ–મોટી કુટી છે, અથવા ત્રણ લોક–અધ, ઉપર, તિરછારૂપે–એહને વિષે પરમ કુટી જે મોક્ષ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખનો વાસ છે, અથવા ત્રણે લોક જે બાહ્ય અભ્યંતર પરમાત્મારૂપ તે મધ્યે પરમાત્મારૂપ જીવભેદ તેને વિષે સુખ છે, અથવા ત્રણે લોક ' અહો ' કહેતાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ધામપણું-સકલાત્મક ભાવ તે ત્રિલોકીપણું-તે મધ્યે સુખવાસ તે એકત્વપણું. ત્રિધાપણું એકત્રરૂપે પરિણમે તેજ સુખવાસ. તે જ્ઞાનક્રિયારૂપ જે ' મુનિયોગ ' તે સુખવાસ પ્રત્યે દે છે. અથવા તો મુનિ જ્ઞાનોપયોગ દેતા હોવાથી તે સુખવાસ સ્થાનવર્તી ચેતનદ્રવ્ય કેવા છે ?–' શુદ્ધ નિરંજનરૂપ ભાસ છે–દેખવું જેનું એવા સિદ્ધ ભગવાન શુદ્ધ નિરંજન ભાસ–વિલોકન શક્તિ છે જેની સ્વપર ગેય વસ્તુ વિષે, સહજ–આત્મસુખની લીલા કરે છે. જ્યાં અનંત જ્ઞાન અનંત દર્શન, અનંત સુખ, અને અનંત વીર્ય એ અનંત ચતુષ્ટયરૂપ સ્વભાવ લહરી લીલા કરે છે. સદા ત્રિકાળ વિષે નિરંતરપણે જ્યાં મુક્તિસત્તા કુટીમાં શુધ્ધ સત્તા પરિણામીક પણુરૂપ જે પારિણામિક ભાવધારા, તે 'બાહિર' કહેતાં પરદ્રવ્ય વિષે ખંડતા નથી, પરદ્રવ્ય તે ધારાને વિષે પ્રતિબિંબ રહ્યા છે. જેમ જલની સ્વચ્છતા વિષે સમીપવર્ત્તી ચૈત્ય સ્થુભંવાલિ પગથીઆં વૃક્ષની શાખા, પ્રશાખા, પત્ર, પુષ્પ, ફલાદિ સર્વતઃ સમીપવર્ત્તી નરનારી પશુ પક્ષી જ્યોતીષ્ચક્રાકાશાદિ અનેક વસ્તુ પ્રતિબિંબિત થાય છે, જલ જલની સત્તા છે; જેમ મુકતાફલ મણિ કાંતિ પ્રભાદિ જ્યોતિવંત પદાર્થ વિષે આપ આપણે દ્રવ્ય પ્રમાણે સર્વની સર્વ વેષે જેમ રહે તેમ જીવ વિષે, અને તે પરમકુટી–મુક્તિ વિષે ગુરૂશિષ્યાદિ વ્યવહાર નથી. વલી બીજો અર્થ જેઃ–સંસારાવસ્થા છતાં લોક કુટીમાં રહેતાં સમ્યકત્વોત્પતિ સમયે ઉત્પન્ન થયેલી ભાવધારાની લહરી પર્યાય તે ધારા પર્યાય યાવત્ વર્ત્તે તાવત્ તે ધારાનો સ્વામી એમ વિચારે છેઃ–કોઇ કોઈનો ગુરૂ શિષ્ય નથી. એ વ્યવહારનયકથનનો શુધ્ધ નિશ્ચયે અને વલી તે પરમકુટી–મુક્તિ તેહના વાસી જે સિધ્ધ તે રહે છે 'સદા ઉદાસી' કહેતાં ન્યારા–સર્વ સર્વથી સર્વપણે અને અંતરાત્માપણે એકદેશી શ્રધ્ધા દૃષ્ટિ ઉદાસી રહે છે. પરસંયોગ બાટક થકી ત્રણે લોકકુટી રચનાથી રહે છે ઉદાસ સદા.

અને તે મુક્તિ જીવનો આ લોક દેખવો તે મધ્યે ત્રણ લોક કુટની રચના પ્રતિભાસે છે, અને તે સમકિતીનો આ લોક દેખવો સમ્યગ્ જ્ઞાનદર્શને કરી કુટી લોકરૂપી તેહની રચના ન્યારો થઇ નિરખે ને તેથી સુખરૂપ પરિણમે છે, અથવા આ લોક દેખવામાં કુટી કહેતાં કુડી ભાસ છે. લોક ષટ્દ્રવ્ય તેની પર્યાય રચના સિધ્ધને સર્વથી અંતરાત્મને દેશ, દેશીક, દેશ, અનેકવિધિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી ત્રણુ લોકને આ લોક–દેખવે તેમાં ષટ્દ્રવ્ય નાટકને દેખવે–ત્રણુ કાલ વિષે સુખી છે તે પરમ કુટીર–મુક્તિવાસી જીવ અને જે અંતરાત્માપણે વર્ત્તે છે. સમકિતી જીવ તે ત્રણુ લોક મધ્યે રહેતાં થકાજ અંતરદષ્ટિ સર્વ પર એથી ભિન્ન ભાવે નિજાત્મા પ્રતિ, તેથી સંસારદુઃખ વ્યાપતો નથી તે માટે અંતરાત્માપણે ત્રણુ કાલ વિષે ત્રણે લોક વાસ સુખરૂપ છે.

## ( ૧૧ ધર્મ ભાવના )

દુહા

ધમ્મં કરાવેં ધમ્મં કરઇં કરિયા ધર્મ ન હોઇ,
ધર્મ જુ જાણુણુ વસ્તુ વહેં, ગ્યાન દષ્ટિ ધરિ જોઇ. ( ૧૧ ) ૨૫

કરન કરાવન ગ્યાન નહીં, પઢન અર્થ નહીં ઓર,
ગ્યાનદિષ્ટિ નહીં ઉપજે, મોહાં તણઇં ઝકોર. ( ૧૧ ) ૨૬

સોરઠી.

ધર્મ ન પઢીયા હોઇ, ધરમ ન કાય તપ તપેં
ધરમ ન દીઈં દાન, ધરમ ન પૂજા જપ જપૈં. ( ૧૧ ) ૨૭

દુહા

દાન કરો પૂજા કરો, જપ તપ કરો દિન રાતિ
ઇક જાણુણુ વસ્તુ જુ વીસરી, ઇણુ કરણી મદમાતી. ( ૧૧ ) ૨૮

ધર્મ જુ વસ્તુ સુહાવ હાવ હૈ, જો પહિચાનેં કોઇ
તાહિ અવર કયો પૂછીએ, સહજેં ઉપજેં સોઇ ( ૧૧ ) ૨૯

છંદ

ધર્મ જુ નિર્મલા હો જાણુ હુ વસ્તુ સુહાવ
અપ્પઈ ધમ્મિયા હો ધર્મ હી અપ્પ સભાવ
અપણે સભાવેંધ જાંણો, જાણિ ધર્મી અપ્પ હું
સંકલ્પ વિકલ્પ દૂરિ કરિ કેં, યહઇં નિજ કરિ થપ્પહું
વિવેક વ્રત નિત હિત ધરિ, કંતિ હ સહિત સોભિત સબ કલા
અનાદિ વસ્તુ સુહાઐં સો, જાનિ ધર્મ જુ નિર્મલા ( ૧૧ ) ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( ૧૨ દુર્લભત્વ ભાવના )

### સોરઠી

દુર્લભ પરકો ભાવ, તાકી પ્રાપતિ દુલ્લહી
જો અપ્પ સુભાવ, સો કયું દુર્લભ જાનિયૈં ( ૧૨ ) ૩૧

### છંદ

દંશન દુર્લભા હો મુકિત સરોવર નીર
ઈંદ્રી રહિત જીયા હો પીવહું નિર્મલ નીર
નિર્મલ નીર પીવઈ તિરસ ભાજઈ વિરહ વ્યાકુલ સો નહીં
સુગમ પંથહિ પથિક ચાલેં સપ્ત ભયમેં કો નહિં
આત્મ સરોવર જ્ઞાન સુખ જલ મુગતિ પદવી સુલ્લભો
સુખેત સુકાલ સુસમય ગંમનો નહીં જોનિ દુર્લ્લભો ( ૧૨ ) ૩૨

### દુહા

સો સુણુ બારહ ભાવના, અંતરંગતિ ઉલ્લાસ રમત્થ
સોતિ સપંડિત જાણિ તું, ઓર સબેં અકયત્થ ( ૨ ) ૩૩

સુદ્રવ્ય સુક્ષેત્ર સુકાલ સુસુભાવ સમલીણુ
સહજ શકિત પરગટ ભઇ, આનન ભાસઇ હીન ( ૩ ) ૩૪

ગુણુ સત્તાકે જાનતેં, સાંત ભઇ ચિહું ઓર
વિન જાનેં એસી હુંતી, જિતિ તિતિ લાગત સોર ( ૪ ) ૩૫

સોર ગયો ચિહું ઓરકોં, વીતી તિસા અયાણુ
નિજ સત્તાકે જાણિવેં, નિર્મલ દૃષ્ટિ વિહાંન ( ૫ ) ૩૬

કરમ સુભાસુભ ઉદય ગતિ, સમેં સમેં રસલીણુ
સાખી ભૂત થિત્યા થકાં, દેખઈ ગ્યાન પ્રવીન ( ૬ ) ૩૭

અકથ કહાની ગ્યાનકી, કહન સુનન કી નાંહિં
આપહિ આપેં પાઇએ, જબ દેઈ ઘટમાંહિ [ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના.

૧ **શ્રી ગોઘારી વીશાશ્રીમાળી જૈન દવાખાનું**—મુંબઇ સં. ૧૯૮૮ સં. ૧૯૮૯ સુધી બે વર્ષનો રીપોર્ટ. કાર્યવાહી યોગ્ય રીતે ચાલે છે. તેનો લાભ સારી રીતે આપવામાં આવે છે.

૨ **દ્રવ્યપ્રદીપ**—કર્ત્તા ન્યાયતીર્થ ઉપાધ્યાયજી મહારાજ શ્રી **મંગળવિજયજી** મહારાજ પ્રકાશક શ્રી ગુલાબકુમારી લાયબ્રેરી ૪૬ ઇંડીયન મિરર સ્ટ્રીટ કલકત્તા.

આગમ, ન્યાય, તર્ક, અને સાહિત્ય વિગેરેના પૂર્ણ અભ્યાસી અને અનેક ગ્રંથો જેઓશ્રીના હાથે લખાયેલા છે તેવા એક વિદ્વાન મુનિમહારાજની કૃતિ ગુજરાતીમાં થઇ તેનો આ હિંદી અનુવાદ છે. લઘુ ગ્રંથ છતાં તેમાં પદાર્થો સામાન્ય લક્ષણ, ચૈતન્ય સ્વરૂપ, આત્માનું લક્ષણ. કર્મનો જીવ સાથે સંબંધ, નિત્યાનિત્યનો વિચાર વિગેરે વિષયો સુંદર અને સરલ રીતે જણાવ્યા છે. બેંગાલ, મારવાડ, પંજાબ દેશ કે જ્યાં હિંદી ભાષા ચાલી શકે છે ત્યાં એક વિદ્વતા પૂર્ણ આવા લેખ તેજ ભાષામાં પ્રગટ થાય તે આવશ્યકીય અને યોગ્ય હતું. પ્રકાશક સંસ્થાએ જ્ઞાન આરાધનના ઉદ્યાપનના ઉત્તમ કાર્ય પ્રસંગે પ્રગટ કરી જ્ઞાનભક્તિ કરી કહેવાય. દોઢ આનાની ટીકીટ મોકલવાથી ભેટ મળી શકે છે.

૩ **આબુ**—સચિત્ર વર્ણન, ભાગ પહેલો. લેખક અને સંપાદક **શ્રીમાન્ જયન્તવિજયજી** મહારાજ. બીજી આવૃત્તિ. આ ઇતિહાસિક તીર્થના સવિસ્તર વર્ણનની આ બીજી આવૃત્તિ પ્રગટ થઇ તે તેની જ પ્રિયતા બતાવી આપે છે. લેખક મહારાજશ્રીએ ઘણુંજ પરિશ્રમવડે સંશોધન કરી ઐતિહાસિક દષ્ટિએ આ ગ્રંથ લખ્યો છે કે જે જૈનઇતિહાસિક સાહિત્યમાં એક યોગ્ય વૃદ્ધિ કરી છે. સંકલના, સરલતા અને સમજ બહુજ સુંદર રીતે આપી છે. આ આવૃતિમાં ઘણા સુધારાવધારા અને ફોટાઓ વિશેષ આપ્યા છે. ગુરૂરાજની છબી અને વ્યાખ્યાનચુડામણિ શ્રી વિદ્યાવિજયજી મહારાજનો ઉપોદ્ઘાત ગ્રંથમાં પ્રગટ કરી ગ્રંથની શોભામાં વૃદ્ધિ કરી છે. પઠન પાઠન કરવા જેવો ગ્રંથ છે. કીંમત રૂા. અઢી. પ્રકાશક શ્રી વિજયધર્મસૂરિ જૈનગ્રંથમાળા ઉજ્જૈન ( માળવા ) છોટા શરાફા.

## શ્રી ભાવનગર શ્રી સંઘ તરફથી ચાલતા ખાતાના રિપોર્ટો.

૧ **જીવદયા ખાતાનો**—સં. ૧૯૮૨ ના શ્રાવણ વદિ ૧૧ થી સંવત ૧૯૯૦ ના અ૦ શુ. ૧ સુધીનો

૨ **સાધ્વીજી લાભશ્રીજી શ્રાવિકાશાળાનો**—બીજો રિપોર્ટ સં. ૧૯૮૭ થી સં. ૧૯૯૦ ના વૈ. શુ. ૨ સુધીનો

૩ **શ્રી આયંબીલ વર્ધમાન તપ**—આઠમો નવમો રીપોર્ટ સં. ૧૯૮૮ ના વૈશાક શુદ ૨ સં. ૧૯૯૦ ના વૈશાક શુદ ૨ સુધી

( સમાલોચના હવે પછી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી ફકત નીચેનાજ સીલીકમાં છે.

આ સભા તરફથી અત્યારસુધી કુલ ગ્રંથો વિવિધ સાહિત્યના પ્રસિદ્ધ થયાં છે, તેમાંથી સીલીક રહેલા મળતાં પુસ્તકો નીચે પ્રમાણે એ પાનામાં છે.

## * ( સંસ્કૃત માગધી અને મૂળ ટીકાના ગ્રંથો )

૨૩ સુકૃત રત્નાવલી ... ... ૦-૪-૦
૨૪ મેઘદૂત સમસ્યા લેખ ... ૦-૪-૦
૨૫ ચેતોદૂત ... ... ... ૦--૪-૦
૫૧ સુકૃત સંકીર્તનમ ... ... ૦-૮-૦
૫૬ કરૂણા વજ્રાયુધ નાટક ... ૦-૪-૦
૫૯ કૌમુદી મિત્રાનંદમ્ ... ... ૦-૬-૦
૬૦ પ્રબુદ્ધ રોહીણેયમ ... ... ૦-૫-૦
૬૧ ધર્માભ્યુધ્યમ ... ... ૦-૪-૦
૬૪ સિદ્ધપ્રાભૃતં સટીકમ્ ... ૦-૫-૦
૬૬ બંધહેતુદય ત્રિભંગી પ્રકરણમ્... ૦-૧૦-૦
૬૭ ધર્મ પરીક્ષા ... ... ૧-૦-૦
૬૯ ચેઇયવંદણ મહાભાસં ... ૧-૧૨-૦
૭૦ પ્રશ્નપદ્ધતિ ... ૦-૨-૦
૭૨ યોગદર્શન તથા યોગવિંશિકા... ૧-૮-૦
૭૩ મંડલ પ્રકરણ ... ... ૦-૪-૦
૭૪ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણમ્ ... ૦-૧૨-૦
૭૫ ચન્દ્રવીરશુભા-ધનધર્મ સિદ્ધદત્ત કપિલ-સુમુખ નૃપાદિ મિત્ર ચતુષ્ક કથા ચતુષ્ટયમ ... ... ૦-૧૧-૦
૭૬ જૈન મેઘદૂતમ્ ... ... ૨-૦-૦
૭૭ શ્રાવક ધર્મ વિધિપ્રકરણમ્ ... ૦-૮-૦
૭૮ ગુરૂતત્વ વિનિશ્ચય ... ૩-૦-૦
૭૯ ઐંદ્ર સ્તુતિ ચતુર્વિંશતિકા ... ૦-૪--૦
૮૦ વસુદેવહિંડી પ્રથમ ખંડ ... ૩-૮-૦
૮૧ વસુદેવહિંડી પ્રથમ ખંડ દ્વિતીય અંશ ... ... ૩-૮-૦
વસુદેવહિંડિ દ્વિતીય ખંડ છપાય છે.
શ્રીબૃહત્કલ્પ સૂત્રમ્ પ્રથમ ખંડ. ,,
શ્રી બૃહત્કલ્પ સૂત્રમ્ દ્વિતીય ખંડ, ,,
કર્મગ્રન્થ. ,,
(પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો.)
૫ દ્રૌપદીસ્વયંવરમ્ ... ... ૦-૪-૦
૬ પ્રાચીન જૈનલેખ સંગ્રહ ભાગબીજો ૩-૮-૦
૭ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય ... ... ૨-૧૨-૦

## ( અન્ય ગ્રંથો )

અનુત્તરોવવાઇ સૂત્ર. ... ૦-૬-૦
નયોપદેશ ... ... ૧-૦-૦
ગાંગેયભંગ પ્રકરણમ્ ... ૦-૪-૦

## ( ગુજરાતી. )

તત્વનિર્ણયપ્રાસાદ ... ... ૧૦-૦-૦
આત્મવલ્લભ પૂજા સંગ્રહ ... ૧-૮-૦
પંચ પ્રતિક્રમણ મૂળ ... ૦-૮-૦
પંચ પ્રાતક્રમણ વિધિયુકત ... ૦-૧૦-૦
દેવસીરાઇ પ્રતિક્રમણ મૂળ ... ૦-૩-૦
(પાઠશાળા માટે સો નકલના ). ૧૨-૮-૦
દેવવંદન માળા .. ... ૧-૦-૦
પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૪ ... ૨-૦-૦
જૈન ગીતા ... ... ૧-૦-૦
નવપદ ઓળી વિધિ ... ૦-૧૨-૦
શ્રીપાળ રાજાનો રાસ ... ૩-૦-૦
સતર ભેદી પૂજા હારમોનીયમ.. નોટેસન સારીગમ સાથે ... ૦-૪-૦
પ્રમેયરત્નકોષ ... ... ૦-૮-૦
સજ્જન સન્મિત્ર ... ૪-૦-૦
નવતત્વ અને ઉપદેશ બાવની ( પ્રો. હીરાલાલ રસિકલાલ ) ૪-૦-૦
જૈનભાનુ ... ... ૦-૮-૦
વિમળ વિનોદ ... ... ૦-૧૦-૦
વિશેષ નિર્ણય ... ... ૦-૪-૦
ચૌદ રાજલોક પૂજા ... ૦-૧-૦
સો નકલના ... ... ૫-૦-૦
સમ્યક્ત્વ દર્શન પૂજા સો નકલના ૫-૦-૦
અવિદ્યા અંધકારમાર્તંડ ... ૦-૪-૦
શ્રી નવપદ પૂજા ગંભીર વિ. કૃત ૦-૨-૦

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

● નંબરવાળા ગ્રંથો સભાએ પ્રકટ કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *ગુજરાતી–ભાષાંતરના ગ્રંથો.

મળી શકતાં ગ્રંથોનું લીસ્ટ. )

૧ શ્રી જૈનતત્ત્વાદર્શ ... ... ૫–૦–૦
૨ શ્રી નવ તત્ત્વનો સુંદર બોધ ... ૦-૧૦-૦
૪ શ્રી જીવવિચાર વૃત્તિ ... ૦–૬–૦
૮ શ્રી દંડક વૃતિ ... ... ૦–૮–૦
૯ શ્રી નયમાર્ગદર્શક ... ૦-૧૦-૦
૧૦ હંસ વિનોદ ... ... ૦-૧૨-૦
૧૨ કુમાર વિહારશતક ... ૧–૮–૦
૧૩ શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦–૮–૦
૧૪ શ્રી જૈન તત્ત્વસાર મૂળ તથા ભાષાંતર ... ... ... ૦–૬–૦
૧૬ શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી ... ... ૦–૬–૦
૧૭ શ્રી મોક્ષપદ સોપાન ... ૦-૧૨-૦
૧૮ ધર્મબિન્દુ આવૃતિ બીજી ... ૨–૦–૦
૧૯ શ્રી પ્રશ્નોતર પુષ્પમાળા ... ૦-૧૪-૦
૨૧ શ્રી શ્રાવક કલ્પતરૂ ... ... ૦–૬–૦
૨૨ શ્રી આત્મપ્રબોધ ... ૨–૮–૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ ... ... ૧–૦–૦
૨૭ શ્રી નવાણું પ્રકારી પૂજા (અર્થ સહિત) ... ... ૦–૮–૦
૨૮ શ્રી તપોરત્ન મહોદધિ ભા ૧–૨ ૧--૦- ૦
૨૯ શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ ... ૦–૪–૦
૩૧ શ્રી ચંપકમાળા ચરિત્ર ... ૦–૮–૦
૩૩ સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર ... ૧–૦–૦
૩૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા (દ્વિતીય પુષ્પ) ... ... ૦–૮–૦
૩૬ શ્રી અધ્યાત્મમત પરીક્ષા ... ૦--૪--૦
૩૭ શ્રી ગુરૂ ગુણમાળા ... ૦–૬–૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી... ૦--૫–૦
૪૦ શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ ... ૦–૮–૦
૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ... ૧--૦-
૪૪ શ્રી પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા ૧–૮-
૪૫ સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા ... ... ... ૧–૦-
૪૬ શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર ... ૨--૦-
૪૭ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા.૧લો ૨--૦-
૪૮ આદર્શ જૈન સ્ત્રી રત્નો ... ૧--૦-
૪૯ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાર જો. ૨--૮-
૫૦ શ્રીદાનપ્રદીપ ... ... ૩–૦-
૫૧ શ્રીનવપદજી પૂજા (અર્થ સહીત) ૧–૪-
૫૨ કાવ્ય સુધાકર ... ... ૨–૮-
૫૩ શ્રી આચારોપદેશ ... ... ૦–૮-
૫૪ ધર્મરત્ન પ્રકરણ ... ... ૧–૦-
૫૫ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર (અર્થ સહિત) શાસ્ત્રી ... ... ૧-૧૨-
૫૬ શ્રી આત્મવિશુદ્ધિ ... ... ૦–૬-
૫૭ કુમારપાળ પ્રતિબોધ ... ૩-૧૨-
૫૮ જૈન નરરત્ન "ભામાશા"... ૨–૦-
૫૯ આત્માનન્દ સભાની લાઇબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ ... ... ૦-૧૪-૦
૬૦ શ્રી વિમલનાથ ચરિત્ર ... ૧-૧૧-૦
૬૧ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ... ૧-૧૨-૦
૬૨ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર ... ૧–૦–૦
૬૩ ધર્મ પરીક્ષા ... ... ૧–૦--૦
૬૪ શ્રી પ્રભાવક ચરિત્ર ... ૧–૮–૦
શ્રી મહાવીરસ્વામી ચરિત્ર છપાય છે.
સતી સુરસુંદરી ચરિત્ર
શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુજરાતી) ,,
શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત (ગુજરાતી) ,,

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

* બીજા નવા ગ્રંથો પ્રેસમાં છે અને અમુક ગ્રંથોની યોજના શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇફ મેમ્બર.

**-આ સભાનાં લાઇફમેમ્બર સાહેબોને થતો અપૂર્વ ગ્રંથોનો લાભ-**

કોઇપણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકે છે. તેઓશ્રીને સીલીકમાં હોય તે ધારા પ્રમાણે આગલા તથા તે પછી છપાતા કોઇપણ ગ્રંથ અને માસિક ભેટ આપવામાં આવે છે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઈ શકે છે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકે છે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે. ઉપરાંતની કિંમત લઇ ભેટ મળી શકે છે, તેમજ આત્માનંદ પ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવે છે.

# શ્રી ઉપયોગી વાંચનમાળાની યોજના.

## અમારૂં સીરીઝ ગ્રંથમાળા ખાતું.

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે બ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, (સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઇ) કરી રહેલ છે. સાથે અનેક સાહિત્યનાં ગ્રંથો પણ સભા પ્રગટ કરી રહેલ છે. આ સભાના લાઇફ મેમ્બરોને પણ અનેક સુંદર મ્હોટા ગ્રંથોનો (કંઇપણ બદલો લીધા વગર) લાભ મળી રહેલ છે. તે રીતે કોઇપણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યારસુધી અનેક જૈન બંધુઓ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાલા પ્રકટ કરાવી જ્ઞાનભક્તિ કરી રહેલ છે, તેનું શુભ અનુકરણ કરી હાલમાં શ્રીમતી કસ્તુર બ્હેને પણ એક રકમ તે માટે (સ્ત્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર સ્ત્રી ઉપયોગી (સતી ચરિત્રો, સ્ત્રી ઉપયોગી વિષયોના) ગ્રંથો પ્રકટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ જ્ઞાનભક્તિ અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના ધારાધોરણ બીજા પેજ ઉપર છે. આ લાભ દરેક જૈનબંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભક્તિ સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું આ અમૂલ્ય સાધન છે-અમરનામ કરવાનું પણ સાધન છે.

કોઇ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણ કે બીજાથી લલચાઇને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તમારૂં નામ અમર કરવું હોય તો

## આટલુ વાંચી નિર્ણય કરી લ્યો.

આ જગતમાં જન્મ ને મરણુ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે, જેથી મનુષ્યો જ્ઞાન અને બુદ્ધિવડે પોતાના માટે આત્મકલ્યાણનો માર્ગ શોધી કાઢે છે; જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો તે આત્મિક ઉન્નતિ માટે નીચેની યોજના વાંચી-વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી અમૂલ્ય લાભ મેળવો.

## યોજના.

૧ જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂા ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂા. ૧૦૦૦) સુધીનો આ સભાએ વ્યય કરવો.

૩ જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ-સાધ્વી મહારાજ વગેરેને અમુક સંખ્યામાં ગ્રંથો સીરીઝના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે 'સીરીઝવાલાની વતી સભા મારફત ભેટ' મોકલવામાં આવશે.

૪ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથમાળા છપાય તેમને ભેટ આપવામાં આવશે.

૫ તે સીરીઝના પ્રથમ ઓછામાં ઓછા અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સીરીઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો. એ જ ક્રમ સાચવી સીરીઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૬ ગ્રંથમાળાના પ્રથમના એક જ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણપત્રિકા તેમની ઇચ્છાનુસાર આપવામાં આવશે.

નીચે પ્રમાણેના મહાશયોની ઉદારતાથી તેમના નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચૂકી છે અને થશે.

૧ શેઠ આણંદજી પુરૂષોત્તમદાસ.
૨ વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ.
૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ.
૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ.
૫ વકીલ હરીચંદ નથુભાઇ.
૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા.
૭ શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ-રાણપુર.
૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ.
૯ શાહ મગનલાલ ઓધવજી.
૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ.
૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ.
૧૨ શેઠ ફૂલચંદ ત્રીકમજી.
૧૩ શ્રીમતી કસ્તુરબ્હેન.

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણ વિચારીને તે રસ્તે ચાલવા પ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો તેમ ઇચ્છીએ છીએ.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**૪ હિંદુ અનાથાશ્રમ વઢવાણ-કેમ્પ—સં.** ૧૯૮૭-૮૮-૮૯ ત્રણ વર્ષનો રિપોર્ટ. વ્યવસ્થિત અને અનુકંપા બુદ્ધિથી કરતા કાર્યવાહકોએ આ ખાતાની પ્રગતિ સારી કરી છે. કેવળ નિસ્વાર્થ વૃતિથી સેવાના આ કાર્યમાં આ ખાતાના કાર્યવાહકોને આર્થિક સહાય હરકોઇએ આપવા જરૂર છે. અનાથ મનુષ્યોનું સંરક્ષણ, પાલણ યોગ્ય રીતે કરવામાં આવે છે. આ ખાતાને મદદ કરી દરેકે આશિર્વાદ લેવા જેવું છે.

## નવા થયેલ માનવંતા લાઇફ મેમ્બરો.

૧ શાહ દુર્લભદાસ જગજીવનદાસ દલાલ ભાવનગર
૨ શેઠ જમનાદાસ શામજીભાઇ દલાલ ,,
૩ શેઠ નેમચંદ ફકીરચંદ નવસારી

## વારૈયા ધરમશી હરજીભાઇનો સ્વર્ગવાસ.

શ્રી ધરમશીભાઇ આ સભાના ઘણા લાંબા સમયથી લાઇફ મેમ્બર હતા. તેઓશ્રી ધંધાર્થે ૩૫ વર્ષથી બીજાપુર ( દક્ષિણ ) માં રહેતા હતા. ત્યાં પોતાનો જાતિભેગ આપી શ્રી પાર્શ્વનાથ પ્રભુનું નવું જિનાલય બંધાવ્યું છે. તેઓ દેવ, ગુરૂ, ધર્મના પરમ ઉપાસક હતા. તેઓ બીજાપુરમાં છેલ્લા છ માસથી પાંડુરોગની બીમારી ભોગવી પત્ની, પુત્રો ને પુત્રીઓનો બહોળો પરિવાર મુકી આશરે પંચાવન વર્ષની ઉમરે સ્વર્ગવાસ પામ્યા છે. તેમના કુટુંબીઓને દિલાસો આપવા સાથે એમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## શેઠ શ્રી મૂળચંદ ચત્રભુજનો સ્વર્ગવાસ.

મુળચંદભાઇ પોતાની આઠ વર્ષની ઉમ્મરે મુંબઇ ગયેલા, ત્યાં અભ્યાસ કરી ઝવેરાતની લાઇનમાં જોડાએલા હતા. તેઓશ્રી શ્રદ્ધાળુ અને દેવગુરૂધર્મની યથાશક્તિ સેવા કરતા હતા, સાથે ઉદાર પણ હતા. તેઓશ્રીએ ગુપ્તદાન છુટા હાથે હજારો રૂપીઆ આપેલ છે. તેઓશ્રી છેલ્લા પંદર દિવસ દમની બીમારી ભોગવી મુંબઇમાં અશાડ વદી ૦)) ને શુક્રવારના રોજ પંચાવન વર્ષની ઉમ્મરે પોતાની પાછળ બે પુત્રો, બે પુત્રીઓ અને પત્ની વિગેરે બહોળા પરિવારને મુકી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રીના સ્વર્ગ-વાસથી એક લાયક સભાસદની ખોટ પડી છે. તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થોડી નકલો સીલીકે છે. Reg. No. B. 431.

# શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત-

# श्री बृहत् कल्पसूत्रम्-

(શ્રી સંઘદાસ ગણી સંકલિત ભાષ્ય અને આચાર્યશ્રી મલયગિરિ મહારાજે શરૂ કરેલ અને આચાર્યશ્રી ક્ષેમકીર્તિએ પૂર્ણ કરેલ ટીકાયુકત.)

[ પુસ્તક ૧ લું પીઠિકા ]

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બદલાતા દીર્ઘદર્શી આચાર્યોએ સાધુ-જીવનના તથા ધાર્મિક નિયમોમાં કેવું કેવું પરિવર્તન કર્યું છે ? નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતીજાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેના વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે ? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે ? અને તે પ્રકટ થતાં કેમ આવકારદાયક થઇ પડશે ? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે.

આ સૂત્રની લિખિત પ્રતોનો પરિચય, પ્રસ્તાવના અને વિષયાનુક્રમણિકા પણ સૌ કોઇ આ ગ્રંથની મહત્ત્વતા સમજી શકે માટે ગુજરાતી ભાષામાં આપેલ છે.

ઉંચા ક્રોકસી લેઝર પેપર ઉપર, સુંદર વિવિધ શાસ્ત્રી અક્ષરોથી શ્રી નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સુશોભિત કપડાનું મજબૂત બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ બાર આના. (મળવાના સ્થળો)

શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
ગાંધીરોડ—**અમદાવાદ.**

શ્રી જૈન આત્માનંદ સભા
**ભાવનગર.**

સૂચના:—અમારા માનંતા લાઇફ મેમ્બરોને જણાવવા રજા લઇયે છીયે તેઓશ્રીને ભેટ આપવાના ગ્રંથોનું બાઇડીંગ થાય છે આવતા માસમાં તૈયાર થશે. તેથી નિયમ પ્રમાણે ભેટ મોકલવામાં આવશે.

For Private And Personal Use Only